

સર્વ જીવો સાધર્મી છે, કોઈ વિરોધી નથી. સર્વ જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ! કોઈ જીવો અપૂર્ણ ન રહો, કોઈ જીવો અલ્પજ્ઞ ન રહો, કોઈ જીવો વિરોધી ન રહો, કોઈ જીવો વિપરીત દૃષ્ટિવંત ન રહો. બધા જીવો સત્યના માર્ગે આવી જાવ ને સુખી થાવ! કોઈ જીવમાં વિષમતા ન રહો. બધા જીવો પૂર્ણાનંદરૂપ પ્રભુ થઈ જાવ.

*—સ્વાનુભવવિભૂષિત કરુણાસાગર ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ આશીષ*


કહાન સં. ૨૧
સં. ૨૦૫૭
[૬૯૦] * આત્મધર્મ * [અંક-૧૦ વર્ષ-૫૭]
વીર સં. ૨૫૨૭
એપ્રિલ-૨૦૦૧

# "ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે"

(સાતિશય પ્રતાપવંત, સ્વાનુભવવિભૂષિત, પુરુષાર્થપ્રેરણામૂર્તિ અનંત-ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૨મી કલ્યાણવર્ષિણી જન્મજયંતીનો પાંચ દિવસીય મહોત્સવ સુવર્ણપુરીમાં મુલુન્ડનિવાસી શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ-પરિવાર (હા૦ શ્રીમતી લીલમબેન ધીરજલાલ શાહ) તરફથી અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવાની જોરદાર તૈયારી ચાલી રહી છે. એવા આ મહોત્સવપ્રસંગે પરમ પૂજ્ય ગુરુદેવશ્રી સંબંધી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનાં ભક્તિભાવભીના હૃદયોદ્‌ગાર :—)

* ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. વાણીનો પ્રભાવ એવો છે કે હજારો જીવો સમજી જાય છે. તીર્થંકરની વાણી જેવો યોગ છે. વાણી જોરદાર છે. ગમે તેટલી વાર સાંભળીએ તોપણ કંટાળો ન આવે. પોતે જ એટલા રસકસથી બોલે છે કે જેથી સાંભળનારનો રસ પણ જળવાઈ રહે છે, રસબરતી વાણી છે.

* પૂજ્ય ગુરુદેવે તો આખા ભારતના જીવોને જાગૃત કર્યાં છે. સેંકડો વર્ષોમાં જે ચોખવટ નહોતી થઈ એટલી બધી મોક્ષમાર્ગની ચોખવટ કરી છે. નાના નાના બાળકો પણ સમજી શકે એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો છે. અદ્‌ભુત પ્રતાપ છે. અત્યારે તો લાભ લેવાનો કાળ છે.

* અહીં (સુવર્ણપુરીમાં) ગુરુદેવ બિરાજતા હતાં અને નિરંતર તેમની ચૈતન્ય-રસઝરતી અમૃતવાણી વરસતી હતી. ધન્ય એવી આ નગરી! ધન્ય તે કાળ! ગુરુદેવ પરમપુરુષ હતા, મહા શક્તિશાળી હતા. ભરતક્ષેત્રમાં આ કાળે ગુરુદેવની વાણી સર્વોત્કૃષ્ટ અતિશયવાળી હતી; પંચમકાળમાં ભરતના જીવોનાં ચૈતન્યને જગાડનારી હતી. ગુરુદેવ જગતથી જુદા જ પડે—એમની મુદ્રા ય જુદી પડે અને વાણીય જુદી પડે. એમની મુદ્રા જોતાં માણસો 'આ તો ધર્મપુરુષ છે' એમ છક થઈ જતા; અહો! આ તો ચૈતન્યની અતિશયતા બતાવનારી મુદ્રા! તેઓ તો ચૈતન્યરત્નને ઓળખાવનાર પરમ પુરુષ હતા. વ્યાખ્યાન વાંચતા હોય ત્યારે જુદા જ લાગે. તેમનાં ચરણોથી ભરતક્ષેત્ર શોભતું હતું. તેઓ ચૈતન્યદેવનો માર્ગ બતાવતા હતા. 'ચૈતન્યનને ઓળખો...ઓળખો!' એવી ગર્જના કરતા; 'જ્ઞાયકદેવ, ભગવાન આત્મા...ભગવાન આત્મા'નો પોકાર કરતા; બધાને 'ભગવાન' કહીને બોલાવતા. પોતે તો ભગવાનસ્વરૂપે હતા, અલ્પ કાળમાં ભગવાન થઈ જવાના. ગુરુદેવના ચૈતન્યની શોભાની તો શી વાત! એમનાં પુણ્યની પણ શોભા કોઈ જુદી! એવા, બાહ્ય—અંતર પુણ્ય ને પવિત્રતાની મૂર્તિ હતાં. ભરતક્ષેત્રનાં ભાગ્ય કે ગુરુદેવ અહીં જન્મ્યા.

—*પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી*

*

માર્ગપ્રકાશક

## ગુરુ-કહાન : ઉપકાર મહાન

★ જેવી રીતે ભવ્યજીવોના આત્મોદ્ધારનું ઉપાદાન તૈયાર થતાં તીર્થંકરનો યોગ બને જ;

તેવી રીતે મુમુક્ષુજીવોના આત્મોદ્ધારની યોગ્યતા તૈયાર થતાં, સીમંધરસ્વામીની ધર્મસભામાં દિવ્યધ્વનિનું શ્રવણ પાન કરીને ભાવિ તીર્થંકર પૂજ્ય ગુરુદેવશ્રીનો ભારતમાં યોગ બન્યો.

★ જેવી રીતે ભવ્યજીવોના ભવાંત માટે વિના પ્રયત્ને ભગવાનની દેશના છૂટે અને ગામોગામ વિહાર થાય;

તેવી રીતે મુમુક્ષુઓના મિથ્યાત્વ–નાશ અર્થે ૪૫–૪૫ વર્ષો સુધી પૂજ્ય ગુરુદેવશ્રીનો અકારણ કરુણાથી અધ્યાત્મ–અમૃત-વાણીનો ધોધ વરસ્યો ને દેશ-વિદેશમાં વિહાર થયો.

★ જેવી રીતે ભગવાનના સમવસરણમાં આવનાર સર્વે ભવ્ય જ હોય;

તેવી રીતે આવા હુંડાવસર્પિણી પંચમકાળમાં જિજ્ઞાસાથી બહુમાનપૂર્વક ગુરુવાણીનું શ્રવણ--મનન--ચિંતન કરનાર મુમુક્ષુઓ અલ્પકાળે મોક્ષ જનાર ભવ્ય જ હોય.

★ જેવી રીતે ભગવાનની વાણીનું શ્રવણ કર્યાં પહેલાં જ અભિમાનીનું માન ગળી જાય ને ભગવાનનો ભક્ત બની જાય;

તેવી રીતે ગુરુવાણીનું સાક્ષાત્ શ્રવણપાન કર્યાં પહેલાં જ ગુરુદર્શનમાત્રથી વિરોધ કરનાર પણ ગુરુદેવનાં ભક્ત બની જતાં.

★ જેવી રીતે ભગવાનને કેવળજ્ઞાનમાં ભાસે તેવું જ તેઓની વાણીમાં આવે, વાણી ભગવાનના જ્ઞાન--અનુસારિણી જ હોય;

તેવી રીતે ગુરુકહાનને જેવું સ્વાનુભૂતિમાં ભાસ્યું તેવું જ તેઓની વાણીમાં આવ્યું. દેશના સ્વાનુભવ-અનુસારિણી જ આવતી, તેથી તેઓશ્રીએ જે કાંઈ કહ્યું—ઉપદેશ્યું તે બધું સ્વાનુભવનો માર્ગ પ્રકાશનાર જ છે.

★ જેવી રીતે ભગવાનની વાણીમાં જે આવે તેવું જ સત્ય ભવ્ય જીવો સમજી લ્યે; વાણીનો અર્થ સમજવા અન્યની જરૂર ન પડે તેમ જ અન્યથા સમજે એવું પણ ન બને;

તેવી રીતે ગુરુ–કહાનની ધોધમાર વરસતી દેશનામાં જે કાંઈ આવ્યું તે આત્માર્થી મુમુક્ષુઓ સમજી લેતાં; વાણીનો કોઈ એવો સાતિશય પ્રભાવ હતો કે આત્માર્થી મુમુક્ષુઓને સમજવામાં પરાધીનતા કે મુંઝવણ થતી નથી.

★ જેવી રીતે દેવ હો, મનુષ્ય હો કે તિર્યંચ હો—બધાય ભગવાનની વાણી સમજી લેતા; સમજવામાં કોઈને કઠિનાઈ ન પડે એવો જ વાણીનો ચમત્કારિક પ્રભાવ હોય;

તેવી રીતે ચાર ચોપડી ભણેલો હો, અભણ હો કે વૃદ્ધ હો, કોઈને પણ ગુરુવાણીનું હાર્દ સમજવામાં કાંઈ પણ મુંઝવણ થતી નથી એવો જ કોઈ ગુરુવાણીનો ચમત્કારિક પ્રભાવ છે.

★ જેવી રીતે ભગવાનની દિવ્યધ્વનિ છૂટવી શરૂ થયા બાદ ભગવાન મોક્ષ પ્રાપ્ત કરે ત્યાં સુધી દિવ્યધ્વનિ નિયમિત છૂટતી જ રહે;

તેવી રીતે ઉપકારી કહાનગુરુની અધ્યાત્મ–અમૃત–વાણીનો લાભ તેઓશ્રીના સ્વર્ગારોહણ પર્યંત ૪૫–૪૫ વર્ષો સુધી મુમુક્ષુઓને એક ધારો મળતો રહ્યો હતો.

★ જેવી રીતે ભગવાનની ધર્મસભામાં ઈન્દ્ર, ચક્રવર્તિ અને અનેક મહા પ્રતાપી–પુણ્યવંત રાજાઓ આદિની ઉપસ્થિતિ હોય જ;

તેવી રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ધર્મસભામાં સમાજના પ્રતિષ્ઠિત, પુણ્યવંતો, ધીમંતો–શ્રીમંતો ને વિદ્વત્જનોની ઉપસ્થિતિ રહેતી.

★ જેવી રીતે ભગવાનના મોક્ષ પછી પણ ગણધરદેવોથી માંડીને ધર્મધૂરંધર આચાર્યદેવો પર્યંત પરંપરાએ ભગાવાનની વાણી ટકી રહે છે;

તેવી રીતે ગુરુ–કહાનની વાણી પંચમ–આરાના અંત સુધી તેઓશ્રીના ટેપ–પ્રવચનો ને પ્રવચન–સાહિત્ય દ્વારા પંચમ આરાના અંત સુધી ટકી રહેશે.

★ જેવી રીતે ભગવાનની ગેરહાજરીમાં પણ ધર્મકાળ વર્તે ત્યાં સુધી તે તીર્થંકર ભગવાનનું શાસન કહેવાય છે;

તેવી રીતે ગુરુદેવશ્રીની ગેરહાજરીમાં પણ અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રીનું નામ પંચમ–આરાના અંત સુધી માર્ગ-પ્રકાશકના રૂપમાં અધ્યાત્મજગતમાં સદાય ગૂંજતું રહેશે.

★ જેવી રીતે તીર્થંકર ભગવાન એકલા મોક્ષે જતાં નથી પરંતુ તેમની સાથે થોકના થોક જીવો મોક્ષે જાય છે;

તેવી રીતે પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થઈને મોક્ષે પધારશે ત્યારે થોકના થોક જીવો મોક્ષ પામશે જ અને તે વર્તમાનના આ મુમુક્ષુઓનું પરમ સૌભાગ્ય હશે.

—આમ, જેઓએ મુમુક્ષુસમાજ ઉપર તીર્થંકરની જેમ અનંત ઉપકારવર્ષા વરસાવી છે એવા ભાવિ તીર્થંકર પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૨મી જન્મજયંતી પ્રસંગે, તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનની ગહન ઉપાસનામાં જીવન વ્યતીત કરવાની કટિબદ્ધતા-પૂર્વક, તેઓશ્રીના અકારણ અનંત ઉપકારના સ્મરણ સહિત તેઓશ્રીના ચરણોમાં મુમુક્ષુસમાજ વતી કોટિ કોટિ વંદન.

*—સંપાદક*

---

મંગલ આશીર્વચનો :

## * તું પરમાત્મપણે પરિણમીશ જ *

અમે તને કહી છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક છો, તો પછી તું નિઃસંદેહ કેમ થતો નથી? અમે તો ભગવાનને અનુસરીને તને આ કહીયે છીએ માટે તું નિઃસંદેહ થા, વિશ્વાસ લાવ, પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે, તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તે-પણે પરિણમવાને લાયક જ છો.

અભવ્ય જેમ પરિણમવાને લાયક નથી તેમ નિત્યનિગોદના જીવ પરિણમવાને લાયક નથી એમ નથી, તો પછી તું જિજ્ઞાસાથી આ સાંભળવા આવ્યો છો માટે તું પરિણમી શકે એવો છો—એમ નિઃસંદેહ થા, ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી, એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે વિષય છે. માટે તું હીણપ ને ઓછપનો આશ્રય છોડ ને સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો એમ નિઃસંદેહ થા!

*—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

કહાન સંવત-૨૧
વર્ષ-૫૭
અંક-૧૦
[૬૯૦]

વીર સંવત ૨૫૨૭
સં. ૨૦૫૭
APRIL
A.D. 2001





# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

ઉપકારમૂર્તિ, સ્વાનુભવવિભૂષિત, પુરુષાર્થપ્રેરક, તારણહાર
ધર્મપિતા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૨મી જન્મજયંતી પ્રસંગે
ગુરુ-જ્ઞાન-સરોવરમાં ખીલેલાં, સમ્યક્ત્વબોધ-મહેકતાં

## અધ્યાત્મપુષ્પો

❀ જીવોને હજુ પોતાના સ્વભાવનું માહાત્મ્ય જ આવ્યું નથી. ભાષામાં આત્માની મહિમા કરે પણ અંતરથી આત્માની મહિમા આવતી નથી. પણ ભાઈ ! જ્યાં સુધી તું હૃદયમાં આત્માને સ્થાપીશ નહિ ત્યાં સુધી આત્મા હાથ નહિ આવે. અનુભવ-પ્રકાશમાં કહ્યું છે કે જ્યાં સુધી તું સંયોગમાં, રાગમાં, પુણ્યમાં, પાપમાં, નિમિત્તમાં કે વ્યવહારમાં ક્યાંય પણ પ્રભુતા સ્થાપીશ–મોટપ માનીશ ત્યાં સુધી આત્મા હાથ નહિ આવે માટે અંતરમાં તારી પ્રભુતાનો સ્વીકાર કર ! હું જ પરમેશ્વર છું એમ પહેલાં નક્કી કર ! વિશ્વાસ લાવ !

❀ સિદ્ધ છે તે જાણનાર-દેખનાર છે તેમ તું પણ જાણનાર દેખનાર જ છો. અધૂરા પૂરાનો પ્રશ્ન જ નથી. જાણનાર-દેખનારથી જરીક ખસ્યો એટલે કર્તૃત્વમાં જ ગયો એટલે સિદ્ધથી જુદો પડ્યો. એક ક્ષણ સિદ્ધથી જુદો પડે તે મિથ્યાદૃષ્ટિ છે તે યથાર્થ વાત છે.

❀ ભાઈ ! તારો આત્મા તારી પર્યાયની સમીપમાં જ છે, તેને તું જો ! તારી પર્યાયમાં અનંત સિદ્ધોની સ્થાપના કર તો તને તારી પર્યાયની તાકાત કેટલી છે તે ખબર પડે ! જે શ્રોતા સિદ્ધોનું પર્યાયમાં સ્થાપન કરીને સાંભળે છે, વાંચે છે, વિચારે છે, એમાં એનું જ પોષણ ને પુષ્ટિ કરતાં કરતાં અલ્પ કાળમાં સિદ્ધ થઈ જવાના જ છે.

❀ દ્રવ્યથી સર્વથા ભિન્ન છે—એમ જોર દીધા વિના દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર જતું નથી. તેથી નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય, પરભાવ ને હેય કહી છે. પર્યાય ઉપર પ્રેમ છે તેનું લક્ષ પરદ્રવ્ય ઉપર જાય છે, તેથી તેને પરદ્રવ્યનો જ પ્રેમ છે. પરમસત્‌સ્વભાવ એવા દ્રવ્યસામાન્યની ઉપર લક્ષ જવું તે અલૌકિક વાત છે.

❀ સંસારથી ખરેખર થાકેલાને જ સમ્યગ્દર્શન થાય છે. એને એમ થાય છે કે મારે કાંઈ જોઈતું નથી એટલે હું કાંઈક કરું અને એનાથી મને બીજું કાંઈક મળે એવી સ્પૃહા નથી.

❀ ચક્ષુની માફક આત્મા માત્ર જાણે–દેખે જ છે; પરને તો કરતો નથી, રાગાદિને તો કરતો નથી, પણ સંવર–નિર્જરા ને મોક્ષના પરિણામને પણ કરતો નથી. આહાહા ! જે થાય તેનો માત્ર જાણનાર....જાણનાર ને જાણનાર જ આત્મા છે.

❀ પરદ્રવ્યને અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારની નીતિના વચનથી આવે છે, પરંતુ અધ્યાત્મદૃષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યગોળો વિકારથી ભિન્ન એકલો છૂટો જ પડ્યો છે એને દેખ !

❀ અજ્ઞાની પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન કરવા જાય છે ત્યાં અનાદિના અભ્યાસથી પર્યાયમાં અહંપણાનું જોર રહેવાથી દ્રવ્યનું જ્ઞાન સાચું થતું નથી. અજ્ઞાનીને એમ થાય છે કે પર્યાય છે ને ! પર્યાય છે તો ખરી ને ! એમ પર્યાય ઉપર જોર આપવાથી દ્રવ્ય ઉપર જોર આપી શકતો નથી અને તેથી અંદરમાં ઢળી શકતો નથી.

❀ આબાળ–ગોપાળ સૌ ખરેખર જાણનારને જ જાણે છે, પણ એને જાણનારનું જોર દેખાતું નથી તેથી આ રાગ છે, આ પુસ્તક છે, આ વાણી છે માટે જ્ઞાન થાય છે એમ એનું જોર પરમાં જ જાય છે. એની શ્રદ્ધામાં પોતાના સામર્થ્યનો વિશ્વાસ જ આવતો નથી. તેથી જાણનારને જ જાણે છે એ બેસતું નથી.

❀ જેમ પ્રકાશવામાં આવતાં ઘટપટાદિ પદાર્થો દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે, ઘટપટાદિને નહિ. તેમ જાણવામાં આવતાં રાગાદિક ભાવો આત્માના જ્ઞાયકપણાને જ પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહિ. કેમ કે દીવાનો પ્રકાશ દીપકથી તન્મય છે. તેથી પ્રકાશ દીપકની પ્રસિદ્ધિ કરે છે, તેમ જ્ઞાન આત્માથી તન્મય હોવાથી જ્ઞાન આત્માને પ્રકાશે છે–પ્રસિદ્ધ કરે છે, રાગાદિને નહિ.

❀ સંસાર-અવસ્થા છે ત્યાં સુધી જીવને રાગ સાથે તન્મયપણું છે એમ જ્યાં સુધી જીવ માને છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે.

❀ સાધારણ ધારણા અને માહાત્મ્ય તો અનંતી વાર આવ્યા, પણ ખરેખર માહાત્મ્ય આવવું જોઈએ. બાકી જ એ રહી ગયું છે ને ! પહેલાં સ્વભાવનું માહાત્મ્ય આવે છે અને પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે.

❀ પ્રમાણજ્ઞાનને પ્રમાણપણું ત્યારે અને તો જ પ્રાપ્ત થાય છે કે અંદર દૃષ્ટિમાં વિભાવ તેમ જ પર્યાયના ભેદોથી રહિત શુદ્ધાત્મદ્રવ્યરૂપ ધ્રુવની શ્રદ્ધાનું–અવલંબનનું જોર સતત વર્તતું હોય.

પરનો કર્તા તો ક્યાંય રહ્યો, પણ પરનો જાણનાર પણ નથી. પોતે જ જ્ઞેય છે, પોતે જ જ્ઞાન છે ને પોતે જ જ્ઞાતા છે. વિષય-કષાયના પરિણામ તે પરજ્ઞેય છે ને આત્મા તેનો જ્ઞાતા છે એમ પણ નથી.

❀ શ્રદ્ધાની પર્યાયને ફેરવી શકે એમ ને ?....બધી પર્યાયને ફેરવી શકે; ન ફેરવી શકાય એમ નક્કી કરવા જાય ત્યાં દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય છે ત્યાં પર્યાયની દિશા જ આખી ફરી જાય છે. જ્ઞાનસ્વભાવ છું એમ નિર્ણય કર્યો ત્યાં બધું જેમ છે તેમ છે, ફેરવવું ને ન ફેરવવું શું ? જેમ છે તેમ છે.

❀ શુભાશુભ ભાવોથી આત્મા ત્રણે કાળે રહિત હોવા છતાં તેનાથી સહિત માનવો એ જ સંસારમાં રખડવાનું નરક–નિગોદનું મહાબીજ છે.

❀ ધર્મધૂરંધર યોગીન્દ્રદેવ પોકાર કરે છે કે અરે ! આત્મા ! તું પરમાત્મા જેવો છો છતાં તું જિનમાં ને તારામાં ફેર પાડે છો ? ફેર પાડીશ તો ફેર કે દી છૂટશે ? તેથી કહે છે કે હું રાગવાળો અલ્પજ્ઞતાવાળો એમ મનન નહિ કરો પણ જે જિનેન્દ્ર છે તે જ હું છું એવું મનન કરો ! અરેરે, હું અલ્પજ્ઞ છું, મારામાં આવી કાંઈ તાકાત હોતી હશે ?—એ વાત રહેવા દે ભાઈ ! હું પૂરણ પરમાત્મા થવાને લાયક છું—એમ નહિ પણ પૂરણ પરમાત્મા અત્યારે હું છું—એમ મનન કર ! આહાહા !!

❀ અરે પ્રભુ ! રાગની ક્રિયા કરનારો તે તું ? જ્ઞાયકને રાગનું કર્તૃત્વ સોંપવું તે તો અજ્ઞાન ને મિથ્યા ભ્રમ છે. ''સર્વોત્કૃષ્ટ જે પરમાત્મા કહેવાય છે તે તું પોતે છો''—એમ શ્રી જિનેશ્વરદેવનો પોકાર, દિવ્યધ્વનિ દ્વારા, ગણધરો ને ઈન્દ્રોની સમક્ષ આવ્યો છે.

❀ અમે તો ભગવાનને અનુસરીને તને આ કહીએ છીએ માટે તું નિઃસંદેહ થા, વિશ્વાસ લાવ, પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે, તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તેપણે પરિણમવાને લાયક જ છો.

❀ અરે જીવ ! એકવાર બીજું બધું ભૂલી જા ને તારી નિજ શક્તિને સંભાળ ! પર્યાયમાં સંસાર છે, વિકાર છે એ ભૂલી જા ને નિજશક્તિની સન્મુખ જો તો તેમાં સંસાર છે જ નહિ. ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ ને થશે પણ નહિ. લ્યો, આ મોક્ષ !

❀ અહો ! હું જ તીર્થંકર છું, હું જ જિનવર છું, મારામાં જ જિનવર થવાના બીજડા પડ્યા છે, પરમાત્માનો એટલો ઉલ્લાસ...કે જાણે પરમાત્માને મળવા જતો હોય ! પરમાત્મા બોલાવતાં હોય કે આવો....આવો...ચૈતન્યધામમાં આવો !

❀ પ્રભુ ! તારા દ્રવ્યની મોટપની તો શી વાત કરવી ! પણ અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપ્યા ત્યાં હવે તને રાગનો આદર રહેશે નહીં, હવે તું અલ્પજ્ઞપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ એમ તું નિઃસંદેહ જાણ.

❀ વીતરાગીદેવ ફરમાવે છે કે તું પરમાત્મસ્વરૂપ જ છો એમ દૃષ્ટિ કર. પ્રભુ ! સર્વજ્ઞદેવ કહે છે કે મારા સ્વભાવમાં ને તારા સ્વભાવમાં આંતરો—તફાવત છે જ નહીં.

❀ આહાહા ! પરદ્રવ્યને કરવાની તો વાત નથી પણ પોતાના અશુદ્ધ ને શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબદ્ધ જે થવાના તે જ થાય એટલે પોતામાં પણ પર્યાયને આડી-અવળી કરવાનું જ રહ્યું નહિ. માત્ર જેમ થાય છે તેમ જાણવાનું જ રહ્યું.

❀ ખરેખર તો તે સમયની પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમી છે. તેમ દરેક દ્રવ્યની પર્યાય તે તે કાળે સ્વતંત્ર પરિણમે છે.

❀ જાણનાર સ્વને જાણતાં પરને જાણવાપણે પરિણમે છે તોપણ તેને જ્ઞેયકૃત જ્ઞાન થયું છે તેમ નથી પણ તેને જ્ઞાનકૃત જ્ઞાન છે. સ્વપરપ્રકાશક શક્તિને લઈને જ્ઞાન જ્ઞાનને જાણે છે, જ્ઞેયને જાણે છે તેમ કહેવું એ તો વ્યવહાર છે. રાગને જાણતાં જે જ્ઞેયાકારે જણાયો તે આત્મા જણાયો છે, રાગ જણાયો નથી, કેમ કે તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી.

❀ પહલે પરકા માહાત્મ્ય ઘટના ચાહિયે તબ હી અંદરમેં જા સકતે હૈ. કોઈ વિષયકી અધિકતા રહ જાતી હૈ તો અંદરમેં જા સકતે નહીં હૈ.

❀ આત્મામાં એવો રંગાઈ જાય કે ચૈતન્ય જ્ઞાયકજ્યોત છું એમ સ્વપ્નમાં પણ એ જ વાત આવે.

❀ જ્ઞાનના અચિંત્ય મહિમાનું ચિંતન સંસારના સર્વ ક્લેશને ભૂલાવી દે છે.

❀ આવું પરમાત્મપણું સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઉછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ.

❀ મનુષ્યપણું વિષય ને ભોગ માટે નથી, વ્યાપાર ધંધા ને પાપ માટે નથી.

❀ તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો, જે ક્ષેત્રે ને જે કાળે જ્યારે જો ત્યારે તું સિદ્ધ સમાન જ છો.

❀ સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતીન્દ્રિય આનંદ અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી જ છે. ભાઈ ! એકવાર હરખ તો લાવ કે અહો ! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે.

❀ વિકારીપણું તો આત્મામાં નથી પણ અલ્પજ્ઞપણું પણ ખરેખર આત્મામાં નથી. પહેલી ચોટે સિદ્ધપણાનું સ્થાપન કરશે તેને જ સમ્યગ્દર્શન થાય છે.

❀ પરમાર્થે વિકારી પરિણામ તે પુદ્ગલના પરિણામ હોવાથી વિકારી પરિણામને ને પુદ્ગલને વ્યાપ્ય-વ્યાપકપણું છે, માટે રાગના પરિણામનો કર્તા પુદ્ગલ છે, જીવ રાગનો કર્તા નથી--એમ જ્ઞાની જાણે છે.

❀ પ્રથમ વિચારમાં નિરાવલંબીપણે ચાલવું જોઈએ. કોઈના આધાર વિના જ અદ્ધરથી જ ચાલે કે હું આવો છું...ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ છું...વિગેરે. તે વિચારો ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ હું...આ હું...એમ ઘોલન ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટી જાય, પછી તો સહજ થઈ જાય....આ વિચારો ચાલતાં આખા જગતના બીજા વિકલ્પો છૂટી ગયા હોય છે. અદ્ધરથી આત્મા સંબંધી જ વિચારો ચાલ્યા કરે અને વળગ્યા જ રહે. બીજી બીજી ચિંતાઓ હોય તો આ ક્યાંથી ચાલે ?...આનો અભ્યાસ વારંવાર જોઈએ.

❀ પહેલી આ શરત છે કે મારે બીજી કોઈ ચીજ જોઈએ નહીં, મારે એક આત્મા જ જોઈએ એવો દૃઢ નિશ્ચય હોવો જોઈએ. આવો જેને દૃઢ નિશ્ચય હોય તેણે ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે.

❀ શ્રેણીબદ્ધ પર્યાય છે એટલે તું જાણનાર જ છો. જાણનાર... પૂરણ જાણનાર એટલે વિકાર કે અપૂર્ણતા શું ! એકરૂપ પરિપૂર્ણ જ છો....પરિપૂર્ણ પરમાત્મા જ છો.

❀ ગમે તે પ્રસંગ હો, આત્માનું જ્ઞાતાદ્રષ્ટાપણે રહેવું તે જ શાન્તિ છે. સંયોગો પ્રતિકૂળ હો કે અનુકૂળ, એ દરેક પ્રસંગમાં 'હું એક શુદ્ધ ચૈતન્ય આનંદઘન છું' એ દૃષ્ટિ ખસવી ન જોઈએ. મારું અસ્તિત્વ સહજ એક જ્ઞાયકભાવ છે, તેમાં શરીરાદિ પરનો કે રાગાદિ વિભાવનો પ્રવેશ નથી અને મારો જે સ્વભાવ છે તે પરમાં જતો નથી—આવી દૃષ્ટિ રહેવાથી પરના ગમે તે પ્રસંગમાં જીવને શાન્તિ જ રહે, ખેદનો ખદબદાટ ન થાય.

❀ દરેક દ્રવ્યની પર્યાય તે તે સમયની યોગ્યતાથી જ સ્વતંત્ર કાર્યરૂપે પરિણમે છે તેમાં નિમિત્તભૂત અન્ય દ્રવ્ય અકિંચિત્કર છે. ''યોગ્યતા જ સર્વત્ર શરણરૂપ છે.'' કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યને લાવી શકે કે અન્ય દ્રવ્યમાં ફેરફાર કરી શકે કે ક્ષેત્રાંતર કરી શકે છે તેમ માનનાર સર્વજ્ઞની આજ્ઞા બહાર છે, મિથ્યાદૃષ્ટિ છે.

❀ જીવ જિનવર છે ને જિનવર જીવ છે એવી દૃષ્ટિ થાય તેને પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. વ્યવહારમાં કેટલાય પ્રકારની લાયકાત હોય, સંસારભાવો જરાય રુચે નહિ, આત્મા...આત્મા...ની ધૂન લાગે ત્યારે સમ્યગ્દર્શન થાય છે.

❀ સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલાં જિજ્ઞાસુની ભૂમિકામાં પણ ત્રિકાળી ધ્રુવ આત્માને જ અધિક રાખવાનો પુરુષાર્થ કરવો.

❀ પહેલાં વિશ્વાસ લાવ કે મારા જેવો કોઈ સુખી નથી, હું પરમ સુખી છું એમ પહેલાં વિશ્વાસ લાવ !

❀ આજ આકિંચન ધર્મકા દિન હૈ ને ! શરીર, ખાના-પીના, રાગ આદિ તો મેરા નહીં, લેકિન ઉત્પાદ-વ્યય પર્યાય ભી મેરી નહીં, ધ્રુવસ્વરૂપ હી મેરા હૈ.

❀ આહાહા ! આત્મા એટલે પોતે જ પરમેશ્વર છે. અનંત અનંત કેવળજ્ઞાન અને સિદ્ધ પર્યાયો આત્મામાં ભરી છે. પોતે જ પરમેશ્વર છે. બીજા પરમેશ્વર ક્યા હતા !...પોતે જ પોતાનો પરમેશ્વર છે.

❀ પર્યાયમાં જોવાની છે પોતાની વર્તમાન યોગ્યતા અને દ્રવ્યમાં જોવાનું છે પોતાનું ત્રિકાળી સામર્થ્ય. પરમાં તો એને જોવાનું છે જ નહિ.

❀ જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તેનું જ્ઞાન કરવું તથા પરજ્ઞેયોને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તે સંબંધીનું જ્ઞાન થવું તે જ્ઞાનનો સ્વતઃસિદ્ધ સ્વભાવ જ છે.

❀ ઉત્પાદ—વ્યય વિનાકા ધ્રુવ આત્મા, ઓ હી વાસ્તવિક આત્મા હૈ.

❀ યોગીન્દ્રદેવ કહે છે તારે મુક્તિનું પ્રયોજન હોય તો પહેલાં આમ નક્કી કર ! નિર્ણય કર ! કે—''હું જ પરમાત્મા છું.''

❀ જ્ઞાનાનંદ સ્વભાવમાં વિકલ્પનું ઉત્થાન છે જ નહીં, તેમાં પર પદાર્થનો તો ત્રિકાળ અભાવ છે તથા એમાં શુભાશુભ પરિણામ ઊઠે છે એનો પણ અભાવ છે—એમ જ્ઞાનમાં એકાગ્ર થઈને વિકલ્પને પૃથક્ કરવો તે જ આત્માના હિતનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહીં.

❀ એકવાર પ્રસન્ન ચિત્તથી ચૈતન્યસ્વભાવ લક્ષગત થયો એટલે તે નિર્વાણનો જ પાત્ર છે. નિશ્ચયનો પક્ષ બંધાણો તે પુરુષને ભલે હજુ અનુભવ નથી તોપણ એનું જોર ચૈતન્યસ્વભાવ તરફ વળી રહ્યું છે.

❀ અંતરમાં પ્રભુ પરમેશ્વર પોતે બિરાજે છે તેને એકવાર છ માસ તો તપાસ કે આ શું છે ? બીજી ચપળાઈ ને ચંચળાઈ છોડી દઈ અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ સિદ્ધસદૃશ પ્રભુ છે તેને છ માસ તપાસ.

❀ હું જ્ઞાયક છું....જ્ઞાયક છું...જ્ઞાયક છું—એમ અંદરમાં રટણ રાખ્યા કરવું, જ્ઞાયક સન્મુખ ઢળવું, જ્ઞાયક સન્મુખ એકાગ્રતા કરવી.

❀ સમ્યક્ નહિ થવામાં શ્રદ્ધાનની વિપરીતતાને બદલે પુરુષાર્થની નબળાઈ માનવી એ તો ડુંગર જેવડા મહાન દોષને રાય સમાન અલ્પ જાણે છે; તે ડુંગર જેવડા મહાન દોષને છેદી શકે નહિ.

❀ હે ભવ્ય ! તું શરીરને ન જો ! રાગને ન જો ! એક સમયની પર્યાયને ન જો ! તારી પાસે તારો પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે તેને જો ! અરે ભગવાન ! તું પૂર્ણાનંદ સ્વરૂપ સમીપમાં જ પડ્યો છે તે દૂર કેમ રહી શકે !

❀ જેવા અરિહંત–સિદ્ધ છે એવો જ હું છું એમ બેની સમાનતામાં શુદ્ધ અસ્તિત્વના વિશ્વાસનું જોર છે.

❀ આત્મા પરદ્રવ્યની પર્યાય તો આઘી-પાછી કરી શકતો નથી પણ પોતામાં ક્રમસર થતી પર્યાયને પણ આઘી-પાછી કરી શકતો નથી, માત્ર જાણનાર જ્ઞાતા જ છે.

❀ નિર્મળ પરિણામ હો કે મલિન પરિણામ હો તેના સ્વકાળે જ તે થાય છે, તે પરિણામનો તે જન્મક્ષણ છે. ખરેખર જે કાંઈ થાય છે તેનો તું જાણનાર છો, આમ કેમ થાય છે એ પ્રશ્ન જ નથી.

❀ ભાઈ ! તું વિશ્વાસ લાવ !—કે મારા સ્વભાવના આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય એવી અદ્‌ભુત વસ્તુ હું છું. હું વર્તમાનમાં પરમાત્મા જ છું, મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી—એમ વિશ્વાસ આવતાં ફેર છૂટી જશે ને પર્યાયમાં પરમાત્મા પ્રગટ થઈ જશે.

❀ આહાહા ! પોતે જ સર્વજ્ઞ સ્વરૂપ છે, પરિપૂર્ણ સ્વરૂપથી ભરેલો પોતે જ સર્વજ્ઞ સ્વભાવી છે. એને અપૂર્ણ અલ્પજ્ઞ પર્યાયવાળો માનવો એ પણ મિથ્યાભ્રમ છે તો રાગને પોતાનો માને એ તો મિથ્યાદૃષ્ટિ છે જ.

❀ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ મહા પરમાત્માના અંતર્ સ્વરૂપે ભરેલો એવો પરમાત્મા જ હું છું અને જે હું છું તે જ પરમાત્મા છે. હું તે પરમાત્મા ને પરમાત્મા તે હું—આહાહા ! એ કબૂલાત કેવા પુરુષાર્થમાં આવે !

❀ જ્ઞાનને ખંડખંડ જણાવનારી ભાવેન્દ્રિય તે જ્ઞાયકનું પરજ્ઞેય હોવા છતાં તે ભાવેન્દ્રિયને જ્ઞાયકની સાથે એકતા માનવી તે મિથ્યાત્વ છે. ખંડખંડપણે પરને જાણવાની યોગ્યતાવાળો ભાવ એ પણ ખરેખર પરજ્ઞેય છે, તેની સાથે જ્ઞાયકની એકતા કરવી–માનવી તે પણ સંસાર છે.

❀ કરવા-ફરવાનું છે જ ક્યાં ? કરું કરુંની દૃષ્ટિ જ છોડવાની છે.

❀ જેને દુઃખનો નાશ કરવો છે તેણે પ્રથમ શું કરવું ?—કે પર તરફના વિકલ્પો છોડી, રાગનો પ્રેમ તોડી, મતિને અંતરમાં જોડવી. વારંવાર બુદ્ધિપૂર્વક સ્વતરફ જોડાણ કરવું.

❀ આત્મસ્વભાવનો અદ્‌ભુત મહિમા બરાબર સમજાતાં મુમુક્ષુ જીવ અંતરમાં સંસારથી એટલો બધો થાકી જાય છે કે 'મારે એક મારું આત્મદ્રવ્ય જ જોઈએ છે, બીજું કાંઈ જ જોઈતું નથી—પૂર્ણાનંદસ્વરૂપ જે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તે એક જ જોઈએ છે' એવી અંદર દૃઢતા કરીને બસ, 'જ્ઞાયક દ્રવ્યસ્વભાવ તે જ હું છું,' એવા ભાવરૂપે તે પરિણમી જાય છે.

❀ બંધ-મોક્ષના પરિણામથી શૂન્ય ને તેના કારણથી પણ શૂન્ય એવી ત્રિકાળી વસ્તુ તે હું છું. આવો સ્વીકાર આવવો તે જ પુરુષાર્થ છે.

❀ વસ્તુમાં તો અજીવ અને આસ્રવ છે જ નહીં. પર્યાય ઉપર એની નજર છે એ નજર દ્રવ્ય ઉપર કરવાની છે. પર્યાય તે હું નહીં—એમ નહિ, પરંતુ પર્યાય જ અંદર ધ્રુવ ઉપર જાય ત્યારે દૃષ્ટિ ફરે.

❀ હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે, તેને સાંભળતાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે, તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્‌સન્મુખતા રહે છે; મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે, આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજી સમ્યગ્દર્શન ન થયું હોય, જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્‌ની સન્મુખતા થાય છે.

❀ પહેલેથી જ સંસ્કાર નાખવા જોઈએ કે હું સિદ્ધ છું, શુદ્ધ છું, પરમાત્મા છું.

❀ બાળકથી માંડીને વૃદ્ધને સર્વને, જ્ઞાનની વર્તમાન પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી, અજ્ઞાનીને પણ તેની જ્ઞાનની પર્યાયમાં આત્મા જ અનુભવમાં આવે છે.

❀ ક્રમબદ્ધ માનતાં ફેરફારની દૃષ્ટિ છૂટી જાય ને સામાન્યદ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય એ જ પુરુષાર્થ છે.

❀ ભાઈ! એકવાર બહારની મોહની મીઠાશ છોડી દે. મોટા ઘર ને ફર્નીચર ને સગવડતાના સાધનોમાં મતિ એટલી બધી એકાકાર થઈ ગઈ છે કે બાપુ! મરતાં તને તે બધું છોડવું આકરું પડશે. માટે ત્યાંથી મતિ હટાવી લે.

❀ આત્મવસ્તુ જ ગંભીરસ્વભાવી છે, એની ગંભીરતા ભાસે નહિ ત્યાં સુધી ખરો મહિમા આવે નહીં, એની ગંભીરતા ભાસતાં આત્માનો એવો મહિમા આવે કે એ મહિમા આવતાં આવતાં એ મહિમા વિકલ્પને ઓળંગી જાય છે, વિકલ્પને તોડવો પડતો નથી પણ તૂટી જાય છે ને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે.

❀ જ્ઞાનની પર્યાયમાં જાણનાર જણાય છે છતાં તેને જાણતો નથી ને પરજ્ઞેયો જણાય છે તેને પોતાના માને છે કે રાગ તે હું છું,—એવી એકત્વબુદ્ધિ કરે છે તે ભૂલ છે, તે મહા-અપરાધ છે.

❀ ક્રમબદ્ધની પ્રતીતિમાં તો જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો. નિર્મળ પર્યાય કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ. રાગને કરું એ વાત તો ક્યાં રહી? પણ જ્ઞાન કરું એ બુદ્ધિ પણ છૂટી જાય છે. કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગને કરવો છે, રાગને અટકાવવો છે, તેને એ ક્રમબદ્ધની વાત બેઠી જ નથી.

❀ જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્માને જાણે છે છતાં કેમ જણાતો નથી?—કે અંદર મહાપ્રભુ બિરાજે છે તે જ્ઞાનમાં જણાવા છતાં પોતે રાગને વશ થઈને રાગને જ જોવે છે તેથી પોતે જણાતો નથી.

❀ અપને આતમદેવકી મહત્તા છોડકર પુણ્ય-પાપકી મહત્તા કરતે હૈં ઓ કુદેવકી મહત્તા કરતે હૈં. પુણ્ય-પાપમેં કુછ શક્તિ નહીં, ઉસમેં શક્તિ માનના ઓ કુદેવપણા હૈ.

❀ ત્રણલોકના નાથ સર્વજ્ઞની પાસે પણ હિતની કામના રાખવી એ પણ ભ્રમ છે.

❀ સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે અરે જીવો ! તમે મારી નાતના ને જાતના પૂર્ણ પ્રભુ છો તેને તમે ઊણો કે હીણો ન માનો. અંતરમાં પૂરણ પ્રભુ છો એમ માનો !

❀ પરનું તો કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતાં દિશા જ પલટી જાય છે. ખરેખર તો પરોક્ષ જ્ઞાન છે તે પણ જાણનાર જ છે.

❀ પુણ્ય–પાપરૂપ હું થઈ ગયો છું એમ એણે માન્યું છે પણ એ હું નહીં, બસ એટલી વાત છે, માન્યતા જ ફેરવવાની છે. તારી દૃષ્ટિફેરે સંસાર છે અને હું પુણ્ય-પાપરૂપ થયો જ નથી—એવી દૃષ્ટિ ને અનુભવ કરવો એ જ મુક્તિ છે.

❀ ગમે તે પ્રસંગમાં પ્રત્યેક પળે જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન નિજ આત્માને જ અગ્ર રાખવો. પ્રતિક્ષણ પૂર્ણાનંદના નાથને—જ્ઞાયક પ્રભુને મુખ્ય રાખ.

❀ ભાઈ બાપુ ! વ્યવહારનયના કથનો બધાં એવા છે કે એમાં તું છેતરાઈ જતો નહીં; નહીં તો અનંતકાળે મળેલો અવસર એળે ચાલ્યો જશે હો !

❀ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક જ છે, એ એને ભાસમાં આવે, ગમે તેવા પ્રસંગમાં પણ હું જ્ઞાયક છું...જ્ઞાયક છું એમ ભાસમાં આવે, જ્ઞાયકનું લક્ષ રહે તો તે તરફ ઢળ્યા જ કરે.

❀ ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ થતાં પર્યાયમાં સ્વ-પરનું જ્ઞાન પ્રગટ્યું ત્યારે પરનું જાણવું થયું તે સ્વ જ છે એટલે કે રાગ સંબંધીનું જ્ઞાન થયું તે રાગના લઈને થયું છે કે તે રાગનું જ્ઞાન છે તેમ નથી પણ જ્ઞાનનું જ જ્ઞાન છે.

❀ જેણે સર્વજ્ઞને પોતાની પર્યાયમાં પધરાવ્યા તેને હવે કાંઈ કરવાનું રહ્યું જ નહિ. જેમ સર્વજ્ઞ જાણનાર છે તેમ તેની સ્થાપના જેણે પોતામાં કરી છે તે પણ જે થાય તેનો માત્ર જાણનાર જ છે. ફેરફાર કરવાની વાત જ નથી.

❀ પ્રભુ મેરે તૂં સબ બાતે પૂરા, પરકી આશ કહાં કરે પ્રીતમ ! યે કીણ બાતે અધૂરા ?

❀ અહો ! આ આત્મા સર્વજ્ઞસ્વભાવી જ છે. જાણવું...જાણવું....જાણવું....જ જેના અંતરતળમાં ભર્યું છે, જેના અસ્તિત્વની સત્તામાં આ દેહ–વાણી–મન–વિકલ્પો આદિ બધું જણાય છે એ જાણનારો તું છો તેમ જાણ–વિશ્વાસ કર ને કર્તાબુદ્ધિ છોડી દે !

❀ પ્રથમ તો સાચા ગુરુ કોને કહેવાય ? કે જેના ઉપદેશમાં એમ આવે કે હે જીવ ! તારી પરિણતિમાં આ રાગદ્વેષ ભલે હો, પણ તે વિકારી પરિણામ તું નથી, એ પરિણામ તું નથી ને તે પરિણામ તારા સ્વભાવમાં નથી, તેનો કર્તા–ભોક્તા પણ તું નથી. તું તો નિર્વિકલ્પ સહજ સમયસારરૂપ જ્ઞાયકભાવ છો, તેની દૃષ્ટિ કર.

❀ મારામાંથી જે નીકળી જાય છે અને પુદ્‌ગલદ્રવ્ય જેનો સ્વામી છે એવા રાગનો સ્વામી હું સદાય નહીં થતો હોવાથી મમત્વહીન છું. રાગના સ્વામીપણે નહીં થવું એ મિથ્યાત્વના ત્યાગની વિધિ છે.

❀ દરેક દ્રવ્યના પર્યાયો પોતાથી જ ક્રમબદ્ધ જે થવાના તે જ થાય છે. તેને બીજો તો ફેરવી શકે નહિ પણ પોતે પણ પોતામાં થતાં ક્રમસર પરિણામને ફેરવી શકે નહિ, માત્ર જાણી શકે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે ત્યારે ક્રમબદ્ધપર્યાયનો સાચો નિર્ણય થાય છે.

❀ આત્મા પરમાત્મા સ્વરૂપ જ છે. પરમાત્મા તારી પાસે જ છે. અરે ! તું જ પરમાત્મા છો. એની સામું તો જોતો નથી ને ધૂળમાં ફાંફા મારે છો ?

❀ ત્રણલોકનું ઉત્કૃષ્ટ તત્ત્વ એવા નિજ પરમાત્મા દેહમાં વસતાં હોવા છતાં તેને તું દેખતો નથી અને પર-પ્રપંચને જાણવામાં રોકાઈને નિજ પરમાત્માનું અપમાન કરી રહ્યો છો.

❀ જેમ જાણનાર એકને જાણે તે બધાને જાણે એવો તેનો સ્વભાવ છે, તેમ અકર્તાસ્વભાવથી— જ્ઞાતાસ્વભાવથી—ભ્રષ્ટ જીવ પોતાને એક અણુમાત્ર રાગનો પણ કર્તા માને—રાગ મારું કાર્ય છે એમ માને તો તેમાં આખા લોકનું કર્તૃત્વ આવી જાય છે.

❀ નિર્વિકલ્પ થવાવાળો જીવ નિર્વિકલ્પ થયા પહેલાં આવો નિર્ણય કરે છે કે રાગાદિભાવે સદાય હું પરિણમનારો નથી પણ જ્ઞાન-દર્શનરૂપ પરિણમનારો છું.

❀ શ્રી સમયસાર ગાથા ૩૨૦મા કહ્યું છે ને ! કે જ્ઞાન બંધ-મોક્ષને કરતું નથી પણ જાણે જ છે. આહાહા ! મોક્ષને જાણે છે, મોક્ષને કરે છે એમ કહ્યું નથી. પોતાના થતાં ક્રમસર પરિણામને કરે છે એમ નહિ પણ જાણે છે એમ કહ્યું. ગજબ વાત છે.

❀ આહાહા ! ચૈતન્ય બાદશાહનો સ્વભાવ તો જુઓ ! કેવો અગમ્ય છે ! કેવળજ્ઞાનની પર્યાય હોય કે મિથ્યાત્વની પર્યાય હોય કે સમ્યગ્દર્શનની પર્યાય હોય પણ જ્ઞાયકભાવ એકપણું છોડતો નથી, જ્ઞાયકભાવ તો જ્ઞાયકરૂપ જ રહ્યો છે.

❀ આ અનાદિના અવિવેકના નાટકમાં એટલે કે આનંદનો નાથ ચૈતન્યપ્રભુ આત્મા તથા રાગના એકપણાના અવિવેકના નાટકમાં પુદ્‌ગલ જ નાચે છે, જ્ઞાયકપ્રભુ તો જ્ઞાયકપણે જ રહ્યો છે.

❀ જ્ઞેય-જ્ઞાન ને જ્ઞાતા એવા નામભેદ છે પણ વસ્તુમાં ભેદ નથી. અહીં સ્વતંત્રતાની–પરિપૂર્ણતાની પરાકાષ્ઠા બતાવી છે. જીવ પોતે જ્ઞેય, પોતે જ જ્ઞાન ને પોતે જ્ઞાતા એવો વચનભેદ છે, કથનમાં ભેદ છે પણ વસ્તુમાં તો આવા ત્રણ ભેદ પણ નથી.

❀ ખરેખર આત્મા તો ત્રિકાળી ધ્રુવસ્વભાવ પરમપારિણામિક ભાવ જ આત્મા છે. સંવર-નિર્જરા-મોક્ષ પર્યાય પણ આત્મા નહિ, ઉપાદેય નહિ, ઉપાદેય તો કારણપરમાત્મા જ છે.

❀ રાગ એ મારામાં છે અને એને મારે ઘટાડવો છે—એ દૃષ્ટિ જ મિથ્યા છે. રાગનો હું કર્તા નથી. રાગ મારાથી ભિન્ન છે. રાગનો હું જ્ઞાતા છું. એવી દૃષ્ટિ કરતાં રાગ ઘટી જાય છે.

❀ હે જ્ઞાનના ઈચ્છક પુરુષ ! સાંભળ ! જે મિથ્યાત્વાદિ ભાવકર્મ છે તેનો કર્તા એક પુદ્‌ગલદ્રવ્ય જ છે, જીવ તેનો કર્તા નથી. આહાહા ! જે જીવને આત્માની જિજ્ઞાસા થઈ છે ને સાંભળવા આવ્યો છે તેને હજુ થોડો કાળ મિથ્યાત્વાદિ ભાવ ભલે હો, પણ તે શુદ્ધ જીવનું લક્ષ કરવાનો જ છે તેથી મિથ્યાત્વાદિ બધા ભાવો અલ્પકાળમાં ટળી જવાના છે તેથી તે મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા પુદ્‌ગલ છે, શુદ્ધ જીવ કર્તા નથી. આહાહા !

❀ એમ ભાવના કર કે 'જે જિનેન્દ્ર છે તે જ હું છું.' અલ્પજ્ઞ અને રાગ–દ્વેષ અવસ્થામાં હોવા છતાં હું પૂર્ણ અખંડ વીતરાગ છું, ભગવાન જ છું—એવી નિર્ભ્રાંત શ્રદ્ધા કરવી તેમાં ઘણો ઉગ્ર પુરુષાર્થ જોઈએ.

❀ વિકારના ષટ્‌કારક તો દૂર રહ્યાં પણ જ્ઞાનની પર્યાયના ષટ્‌કારકનાં પરિણમનનું લક્ષ પણ છોડીને તેનાથી ભિન્ન છું એવી જ્ઞાયકભાવની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે.

❀ અહો ! આનંદનો દરિયો પોતાના અંતરમાં ઉછળે છે તેને તો જીવ દેખતો નથી ને તરણાં જેવા તુચ્છ વિકારને જ દેખે છે ! અરે જીવો ! આમ અંતરમાં નજર કરીને દરિયાને દેખો !....ચૈતન્યસમુદ્રમાં ડૂબકી મારો !

❀ ક્રમબદ્ધમાં જ્ઞાયકદ્રવ્યની વિશેષતા છે. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરીને જ્ઞાયકપણું બતાવવું છે.

❀ પરમાત્મદશા એ પણ દ્રવ્યમાં નથી, એનાથી રહિત છે. આહાહા ! દ્રવ્ય ઉપર લક્ષ ગયા વિના એને પ્રતીતમાં જોર આવી શકતું નથી, જોર આવતું જ નથી. પર્યાયનું લક્ષ છોડીને હું તો આ જ વર્તમાનમાં છું—એમ દ્રવ્યમાં ભળી જાય છે ત્યારે જ પ્રતીતિમાં જોર આવી શકે છે.

❀ વસ્તુસ્વરૂપનો નિર્ણય દૃઢ કરવો. શુદ્ધ છું, એક છું, જ્ઞાયક છું, એનો ચારે પડખાથી વારંવાર નિર્ણય પાકો કરીને દૃઢ કરવો.

❀ આ બાજુ પરમેશ્વર પદ પડ્યું છે તેનું અજ્ઞાનીને કાંઈ માહાત્મ્ય આવતું નથી, તેની કાંઈ કિંમત દેખાતી નથી અને આ બાજું એક વિકલ્પ ઊઠે છે ત્યાં તો તેને ઓહોહો ! થઈ જાય છે. વિકલ્પમાં પોતાનું અસ્તિત્વ અને માહાત્મ્ય ભાસે છે એ જ મિથ્યાત્વ છે.

❀ વિકલ્પનો ભાગ પણ ક્રમસર થાય છે, પણ જ્યાં તેના કાળક્રમે નીકળે છે ત્યાં મેં કર્યો એમ એને ભ્રમ પડી જાય છે.

❀ જેને પર્યાયની હયાતીનો જ સ્વીકાર છે એને ત્રિકાળી સ્વભાવની હયાતીનો અસ્વીકાર થઈ જાય છે.

❀ શુભ ભાવનો પ્રસંગ હોય એટલું જ નહિ પણ અશુભ ભાવનો પ્રસંગ આવે તોપણ, તેનાથી ભિન્ન રહીને 'હું તો જ્ઞાતા છું' એ વાત અંતરથી ખસવી ન જોઈએ.

❀ સંતો એમ કહે છે કે જિનવરદેવ ગણધરોની સભામાં આમ કહેતા હતા કે ધ્રુવ ભગવાન, ઉત્પાદ–વ્યયની પર્યાયને કે બંધ–મોક્ષની પર્યાયને કરતો નથી; તેને જિનવરદેવ જીવ કહે છે.

❀ ભાઈ ! તું તારા સ્વભાવમાં એકાગ્ર થા ને ! આખા લોકમાં તારાથી અધિક બીજું શું છે ? તું જ પૂર્ણ શુદ્ધ પરમેશ્વર છો. સર્વમાં અધિક છો.

❀ ક્રમબદ્ધપર્યાયના નિશ્ચયથી પર્યાયની ને પરની કર્તાબુદ્ધિ છૂટી જાય છે એટલે જ્ઞાતાદૃષ્ટિ થાય છે અને જ્ઞાતાપણું થવું તે ક્રમબદ્ધનું પ્રયોજન છે.

❀ વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહીં એમ તો પહેલાં દૃઢ કરે! નિર્ણય પાકો થતાં રાગ લંગડો થઈ જાય છે, રાગનું જોર તૂટી જાય છે. વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થૂળ કર્તાપણું છૂટી જાય છે અને પછી અંદર સ્વાનુભવમાં જતાં નિર્ણય સમ્યક્રૂપે થાય છે.

❀ વિકૃતભાવથી ભેદ પાડવો; બસ એ કરવાનું છે, બીજું તો બધું જુદું જ છે.

❀ દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે એટલે પરદ્રવ્યની પર્યાયને ફેરવવાનું તો રહ્યું નહિ, પરદ્રવ્યની પર્યાયને તો ફેરવી શકતો જ નથી પણ પોતાની પર્યાય જે ક્રમસર થવાની તે જ થાય છે તેથી તેને પણ ફેરવવાનું રહ્યું નહિ. જે પર્યાય ક્રમસર થાય તેનો જાણનાર જ છે. આહાહા! આ વીતરાગતા છે.

❀ રોગના કાળે રોગ થયા વિના રહેશે જ નહિ. ઈન્દ્ર ઉપરથી ઉતરે તોપણ રોગ થયા વિના રહેશે નહિ લે! અને રાગને કાળે રાગ પણ થયા વિના રહેશે નહિ લે! હવે તારે નજર ક્યાં કરવી છે? સ્વભાવ ઉપર નજર નાખવી એ જ સંતોષ અને શાંતિનો ઉપાય છે.

❀ સવિકલ્પદશા વખતે જ હું દ્રવ્યસ્વભાવે નિર્વિકલ્પ સહજ પરમતત્ત્વ છું—એમ જેને પર્યાયમાં સ્વીકાર આવ્યો ત્યાં તે જીવને ભાવકર્મનું કર્તા-ભોક્તાપણું છૂટી ગયું ને તેનો માત્ર જ્ઞાતા રહી ગયો.

❀ હે આત્મા! તું પ્રસન્ન થા! ખુશી થા! જો તારો આત્મા ત્રણે કાળે એવો ને એવો શુદ્ધ જ છે.

❀ ધ્રુવ છું ને શુદ્ધ છું ને પરિપૂર્ણ છું ઈ બધા વિકલ્પો છે; ભોગીના ભોગનું મૂળ છે. પહેલાં અશુભને ચોંટ્યો હતો પછી શુભને ચોંટ્યો, પણ ઈ તો ઈ ને ઈ દશા છે! દૃષ્ટિને ધ્રુવ ઉપર લઈ જવાની વાત છે.

❀ દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે. દરેક જીવ કે જડની પર્યાયનો જે જન્મક્ષણ છે તે જ સમયે તે પર્યાય ક્રમબદ્ધ થાય છે, તેને ઈન્દ્ર, નરેન્દ્ર, કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. આહાહા! જીવ એકલો જ્ઞાતા છે. અહીં અકર્તાપણાની ઉત્કૃષ્ટતા બતાવે છે.

❀ પોતાની પર્યાયમાં થવાવાળો રાગ અને થવાવાળી શુદ્ધ પર્યાયના કર્તૃત્વનો વિકલ્પ એ સ્વભાવમાં છે જ નહિ. અકર્તાપણું આવવું એ જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે.

❀ ચૈતન્યગોળો જ્ઞાનસૂર્ય એકલો જાણનાર જ છે, એને રાગાદિનો કોઈ વળગાડ જ નથી. એ પરિપૂર્ણતાથી ખસ્યો જ નથી, એ રાગ સ્વરૂપે થયો જ નથી, એ રાગને છોડે છે એમ જે કહેવાય છે તે પણ નામમાત્ર કથન છે.

❀ સમ્યગ્દર્શન હુઆ વહ તો ભગવાન હો ગયા. રાગકા મૈં કર્તા નહીં, પરકા મૈં કર્તા નહીં. મૈં તો સર્વજ્ઞ હું, તો શ્રદ્ધામેં સર્વજ્ઞ હો ગયા.

❀ હે યોગી! વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિથી વિચારવામાં આવે—જોવામાં આવે અર્થાત્ અનાદિ અનંત વસ્તુસ્વભાવથી પરિપૂર્ણ ત્રિકાળી ધ્રુવની દૃષ્ટિથી જોવામાં આવે તો પરિપૂર્ણ ધ્રુવ વસ્તુ પર્યાયને કરતી જ નથી.

❀ પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા! કેટલી વિશાળ દૃષ્ટિ!

❀ પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.

❀ જેને ધર્મ કરવો હોય, જેને સમ્યગ્દર્શન જોઈતું હોય તેણે પાંચ ઇન્દ્રિયના વિષયની અભિલાષા તથા પૈસા કમાવાની અભિલાષારૂપી પાપભાવો તેમ જ દયા-દાન-વ્રતરૂપ પુણ્યભાવને એકવાર દૃષ્ટિમાંથી છોડવા પડશે. રાગ હોવા છતાં તેની મમતા છોડ!

❀ આત્મા સ્વભાવે પરમાત્મસ્વરૂપ છે, રાગાદિ તો તેના નથી પણ અલ્પજ્ઞતા પણ તેની નથી, એ તો સર્વજ્ઞ પરમાત્મપ્રભુ પોતે છે.

❀ પ્રભુ! તું રાગાદિ બધું ભૂલી જા! ને તારા ભગવાનને ભૂલી ગયો છો તેને યાદ કર.

❀ પ્રભુ! એક વાર સાંભળ, બધું મૂકીને એકવાર નિર્વિકલ્પતત્ત્વ જો! અવસર ચાલ્યા જશે તો ફરી ક્યારે મળશે નાથ! માટે ચાલતી ધારા જે પર્યાય છે તેની નજર છોડીને તેની પાછળ જે ત્રિકાળી નાથ મૌજૂદ બિરાજમાન છે તેની નજર કર બાપુ!

❀ જેને નિજ-આત્મજ્ઞાન વિના પરલક્ષી જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ હોય તેને વિકારરૂપ પરિણમવું જ ભાસે છે.

❀ જિજ્ઞાસુ પણ વસ્તુસ્વરૂપના ચિંતવન આદિમાં માને કે રાગ તે આત્માનો નથી, રાગ તે ઉપાધિભાવ છે, પરના આશ્રયે ઉત્પન્ન થતો હોવાથી મારો નથી, પુદ્‌ગલનો છે એમ માને.

❀ પર્યાય આડી-અવળી થાય એટલે એની વ્યાખ્યા શું? મૂળ એને પુરુષાર્થ સૂઝતો નથી એટલે વાંધા આવે છે.

❀ પહેલેમેં પહેલે મેરેમેં શરીર-સંસાર-વિકલ્પ હૈ હી નહીં ઐસા નિર્ણય કરકે અનુભવ કર લેના ચાહિયે.

❀ સાહેબ! અનુભવ થતો નથી તો અમારો શું દોષ છે?....એ....આ પરનો ઉત્સાહ આવે છે એ જ દોષ છે, અને પોતાનો ઉત્સાહ નથી આવતો એ જ દોષ છે. પરમાં જ સાવધાની રાખે છે અને પોતામાં સાવધાન થતો નથી એ જ દોષ છે. પરનું માહાત્મ્ય આવે છે અને પોતાના સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી એ જ દોષ છે. લ્યો! સંક્ષેપમાં આ દોષ છે.

❀ એને અંદરથી એમ આવવું જોઈએ કે હું આ ક્ષણે જ પરમાત્મા થવાને લાયક છું એવો અંદરથી વિશ્વાસ આવવો જોઈએ.

❀ વિકલ્પ દ્વારા પ્રથમ ભૂમિકામાં રાગમિશ્રિત વિચારદશામાં આવો નિર્ણય કર. વર્તમાનમાં તો પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલ છે, પણ ભવિષ્યમાં જે પુણ્ય–પાપ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું.

❀ આચાર્યદેવે ગજબ વાત કરી છે ને! ત્રિકાળી શુદ્ધ નિર્વિકલ્પ પરમ તત્ત્વની દૃષ્ટિ પૂર્વક જે અયોગી કેવળીનું ગુણસ્થાન પર્યાયમાં પ્રગટ થયું તે પણ પુદ્‌ગલના પરિણામમય કહ્યાં છે! કેમ કે આ સઘળાય ગુણસ્થાનો જીવની પર્યાયસ્થિતિને જણાવે છે, ત્રિકાળી વસ્તુસ્વભાવને બતાવનારા તેઓ નથી. તેમના લક્ષે તો વિકલ્પ ઊઠે છે, તેમના લક્ષે વસ્તુસ્વભાવનું લક્ષ ચૂકી જવાય છે. માટે તેઓ જીવના નથી. વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરતાં જે આત્માનુભવ થાય છે તેમાં પરિપૂર્ણ ત્રિકાળી શુદ્ધ પરમ તત્ત્વ તે જ હું છું એમ પર્યાયમાં અનુભવ થાય છે, પરંતુ નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ તે હું છું એવો અનુભવ થતો નથી; એ રીતે ચૌદ ગુણસ્થાન પર્યંતની સઘળીય અવસ્થાઓ—ભેદો સ્વાત્માનુભૂતિથી ભિન્ન રહી જતાં હોવાથી, સ્વભાવમાં તેનો અભાવ હોવાથી તથા તેના લક્ષે વિકલ્પ ઊઠતો હોવાથી તે સઘળાય જીવના નથી, પરંતુ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહ્યાં છે.

❀ પ્રભુ ! તું સર્વને જાણનાર દેખનાર સ્વરૂપે પૂરો છો ને ! પણ તારા પૂર્ણ સ્વરૂપને નહિ જાણતાં એકલા જ્ઞેયને જાણવા–દેખવા રોકાઈ ગયો તે તારો અપરાધ છે.

❀ જીવ વિભાવ-પરિણામથી શૂન્ય છે, ક્યારે ?–કે ત્રણેકાળ ને ત્રણેલોકમાં. અરે ! જે અનંત કાળમાં ત્રસપણું પણ પામ્યો નથી ને ભવિષ્યમાં પણ ત્રસપણું પામશે નહીં એવા નિગોદનો જીવ પણ વિભાવના પરિણામથી શૂન્ય સ્વભાવે છે. પર્યાયમાં ભલે ગમે તે પ્રકાર હો પણ જે શુદ્ધ જીવ છે એ તો આવો જ છે.

❀ જીવે પોતાના સહજ સુખસ્વરૂપ માટે એક ક્ષણ પણ ધીરો થઈને વિચાર કર્યો નથી. જો વિચાર કરે તો વસ્તુ બહુ જ સોંઘી ને સહેલી છે; પણ તીવ્ર જિજ્ઞાસા, ધગશ અને તાલાવેલી જોઈએ. આ સંસારનો રસ છૂટી જાય તો આત્મસ્વરૂપ જરૂર પ્રગટે.

❀ ખરેખર તો વિકારી પર્યાય પર્યાયને કારણે થાય છે. જ્ઞાયક પ્રભુ એનો પણ જાણનાર-દેખનાર છે, અને સંવર-નિર્જરાની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે અને મોક્ષની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે. ખરેખર તો પર્યાય પર્યાયની લાયકાતના કારણે થાય છે.

❀ નવતત્ત્વરૂપ પરિણમનને દેખે છે તે દેખવું છોડી દે અને વસ્તુને દેખ ! આ તારે કરવાનું છે. નવતત્ત્વરૂપ પરિણમનને દેખે છો ઈ તને રોગ છે.

❀ ભાઈ ! તું હરખ લાવીને તારા સ્વભાવનો વિશ્વાસ કરી જ્ઞાનનો દોર તેમાં બાંધ. પરમાં ક્યાંય હરખ લાવવા જેવું નથી. પોતે પોતાનું સ્વરૂપ સમજી, મહિમા લાવી, તેમાં ઠરી જવા જેવું છે.

❀ મનની બહારનો બોજો ઘણો ઘટાડી નાખે ત્યારે મનથી અંદરના વિચારમાં રોકાય અને ત્યાંથી પણ પછી ખસીને અંદર સ્વભાવના મહિમામાં રોકાય એને આનંદનો અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આવું વસ્તુનું સ્વરૂપ છે ને તેને પામવાનો આ ઉપાય છે.

❀ આહાહા ! આખી દુનિયા ભૂલાઈ જાય એવું તારું પરમાત્મતત્ત્વ છે. અરેરે ! ત્રણલોકનો નાથ થઈને રાગમાં રોળાઈ ગયો ! રાગમાં તો દુઃખની જ્વાળા સળગે છે, ત્યાંથી દૃષ્ટિને છોડી દે ! અને જ્યાં સુખનો સાગર ભર્યો છે ત્યાં તારી દૃષ્ટિને જોડી દે ! રાગને તું ભૂલી જા !

❀ મુક્ત સ્વરૂપ વસ્તુ છે એવો અજ્ઞાનીને સ્વીકાર નથી, તેથી વસ્તુને જે બંધ સાથે સંબંધ છે તે અજ્ઞાનીના અજ્ઞાનનું માહાત્મ્ય છે.

❀ પર્યાયમાં સ્વકાળે જ મોક્ષ થાય છે, વહેલો કે મોડો થઈ શકે નહિ—એમ નક્કી કરવા જાય ત્યાં એની દૃષ્ટિ ધ્રુવ ઉપર જ જાય છે અને એમાં સ્વભાવ સન્મુખનો અનંત પુરુષાર્થ આવે છે અને ત્યારે જ પર્યાયના સ્વકાળનું સાચું જ્ઞાન થાય છે.

❀ રાગ ને પુણ્ય-પાપના વિકલ્પની વાત તો ક્યાંય રહી ગઈ પણ જ્ઞાનની વર્તમાન પર્યાયમાં ક્ષયોપશમનો અંશ પ્રગટ છે એ ભાવેન્દ્રિયને પ્રતીતિમાં આવતાં અખંડ એક જ્ઞાયકપણા વડે સર્વથા ભિન્ન જાણો—એનું નામ ભેદવિજ્ઞાન છે.

❀ અનાદિથી આ જીવે અજ્ઞાનદશાને કારણે મોહના અનુભવના પ્રભાવને લીધે હું પોતે જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા છું એવી દૃષ્ટિ કરી નથી. પોતાની પ્રભુતાનો તેણે કદી વિશ્વાસ કર્યો નથી. વર્તમાન વર્તતી પામર દશા વખતે જ હું શક્તિપણે પરિપૂર્ણ પરમાત્મતત્ત્વ છું એમ તેને ભાસ્યું નથી.

❀ ખંડખંડ જ્ઞાનની પર્યાય કે જે પોતાની છે તે પણ જ્ઞાયકથી સર્વથા ભિન્ન છે. ક્ષયોપશમનો અંશ જે ખંડખંડ જ્ઞાન, પ્રભુ ! એ તારી ચીજ નહીં; ત્યારે તું કોણ છો ?–કે અખંડ એકરૂપ ચૈતન્યસ્વભાવ તું છો. એના દ્વારા ભાવેન્દ્રિયને તું સર્વથા ભિન્ન જાણ.

❀ દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય છે એટલે કે તેને અન્ય દ્રવ્ય તો કરતું નથી પણ તે પર્યાયને તે દ્રવ્ય પણ આઘી–પાછી કરી શકે—ફેરફાર કરી શકે એમ પણ નથી. ક્રમબદ્ધ તો મહાસિદ્ધાંત છે.

❀ આ તો બહુ જ શાંતિ અને ધીરજનું કાર્ય છે. એક બાજુનો પક્ષઘાત થઈ જવો જોઈએ કે શરીર-વાણી-મન-વિકલ્પ એ મારું જીવન જ નથી.

❀ બહારના સંસારના પ્રસંગોમાં કેટલી હોંશ ને ઉત્સાહ આવે છે ! એમ અંદરમાં પોતાના સ્વભાવની હોંશ ને ઉત્સાહ આવવો જોઈએ.

❀ પર્યાયનો વિવેક હોય છે પણ જોર ખાણ (-ધ્રુવ) ઉપર હોવું જોઈએ, પર્યાય ઉપર ન હોવું જોઈએ.

❀ પર્યાયબુદ્ધિ છોડકર જ્ઞાયકકી પ્રતીત કરના વહ ક્રમબદ્ધકા ફલ હૈ.

❀ ભગવાન કહે છે કે ભાઈ ! તું પરમ પારિણામિક વસ્તુ છો, તું પૂર્ણ છો. તું તને પામર ન માન. તું વિકારી પર્યાયનો કર્તા નથી, અરે ! તું અવિકારી પર્યાયનો પણ કર્તા નથી એમ તને તું માન.

❀ જે પરમાણુની પર્યાય જે કાળે જે ક્ષેત્રે તેના જન્મક્ષણે ષટ્કારકથી પરિણમે છે તેને કોણ કરે ને કોણ ફેરવે ? આ રીતે જ દરેક દ્રવ્યનું સ્વતંત્ર પરિણમન છે.

❀ જે રીતે પર્યાય દ્રવ્ય તરફ ઢળે એ રીતે વાંચન, વિચાર, મનન, શ્રવણ બધું કરવું જોઈએ. મૂળ પ્રયોજન તો દ્રવ્ય તરફ ઢળવું એ જ છે.

❀ જે જીવ ક્રમબદ્ધપર્યાયને યથાર્થરૂપથી સમજે છે તેને સ્વચ્છંદતા થઈ શકે જ નહિ. ક્રમબદ્ધને યથાર્થ સમજે તે જીવ તો જ્ઞાયક થઈ જાય છે, તેને કર્તૃત્વના ઊછાળા શમી જાય છે ને પરદ્રવ્યનો અને રાગનો અકર્તા થઈ જ્ઞાયકમાં એકાગ્ર થતો જાય છે.

❀ પોતાની પર્યાય પણ સ્વકાળે થાય જ છે તેને કરે શું? ખરેખર તો એ જ્ઞાતાદૃષ્ટા જ છે.

❀ પ્રભુ તને ભગવાન તરીકે જોવે છે અને તું પણ તને ભગવાન તરીકે જો તો ભગવાન થઈશ.

❀ હે જીવ! તું સચ્ચિદાનંદ પરમાત્મસ્વરૂપ છો. પ્રભુ! તું પોતે પરમાત્મસ્વરૂપ મારી જાતનો જ છો. બકરાંના ટોળામાં સિંહ ભળી ગયો હોય તેમ શુભાશુભ ભાવમાં ભગવાન ભળી ગયો છે તેને ભગવાનનો સિંહનાદ આવ્યો કે તું મારી જાતનો ભગવાન સ્વરૂપ છો તેમ જાણ!

❀ જ્ઞાયકભાવ શુભાશુભરૂપે થયો નથી તેથી તું ત્યાં દૃષ્ટિ કરે તો તને મળે એવો તું છો. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? ત્યાં નજર કર તો તને જરૂર પ્રાપ્ત થશે જ.

❀ આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે એટલે એની પર્યાય, ગુણ અને દ્રવ્ય બસ જાણનાર જ છે, ફેરફાર કરનાર નથી. પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી. જેમ વ્યવસ્થિત કાર્ય થાય છે તેમ જાણે છે.

❀ મારી પ્રભુતા એવી છે કે હું રાગના સ્વામીપણે કદી પરિણમતો નથી. રાગનું સ્વામીપણું તો રાંકાઈ છે—ભીખારાપણું છે.

❀ પરમાં કાંઈ પણ સુખબુદ્ધિ હોવી તેમાં અતીન્દ્રિય મહા પદાર્થનો અનાદર થાય છે.

❀ સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું, એકલો વીતરાગી જ્ઞાતાભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ! જ્ઞાનમાં જ્ઞાતાદ્રષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યા બુદ્ધિ છે.

❀ એનું લક્ષ ને દૃષ્ટિ પર્યાયના કર્તાપણાની બુદ્ધિથી, પર્યાયના ફેરફાર કરવાની બુદ્ધિથી ખસીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ઉપર જાય ત્યારે નિઃસંદેહ નિર્ણય થતાં પરિણામમાં અંશે નિર્મળતા ને વીતરાગતા થાય. એ સાચા નિર્ણયનું ફળ ને તાત્પર્ય છે.

❀ ત્રણે કાળે અને ત્રણે લોકમાં શુદ્ધ નિશ્ચયનયે એકલો જ્ઞાનરસ ને આનંદકંદ પ્રભુ હું છું. આવો હું છું એવી દૃષ્ટિ તે આત્મભાવના છે.

❀ પહેલી ચોટમાં હું સિદ્ધ છું, એવું લક્ષમાં લેતો નથી તેને જિજ્ઞાસુ જ કહેતાં નથી.

❀ પોતાના સ્વભાવની મહિમા ચૂકીને પરદ્રવ્ય કે પરભાવમાં ક્યાંય પણ જરાય માહાત્મ્ય આવશે ત્યાં સુધી માહાત્મ્યવાળો નિજ આત્મા હાથ નહિ આવે.

❀ પર્યાયમાં વિકારભાવો તો છે, એ પરભાવો હોવા છતાં તેની દૃષ્ટિ છોડીને, સ્વામિત્વ છોડીને સહજ ગુણમણિની ખાણરૂપ શુદ્ધ આત્માને ભજે છે તે શુદ્ધ દૃષ્ટિવાળો છે.

❀ અકર્તાસ્વભાવની દૃષ્ટિ કરવાથી ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. માટે ક્રમબદ્ધના નિર્ણયમાં પુરુષાર્થનો નિષેધ થઈ જતો નથી પણ ક્રમબદ્ધના નિર્ણયમાં દ્રવ્યસ્વભાવનો અનંતો પુરુષાર્થ છે. અકર્તાપણું એ નાસ્તિનું કથન છે. ક્રમબદ્ધ દ્વારા જ્ઞાયકસ્વભાવની અહીં સિદ્ધિ કરવામાં આવી છે.

❀ રાગાદિનું લક્ષ છોડી દેવું તેનું નામ હેય છે અને વસ્તુને પકડવી તેનું નામ ઉપાદેય છે.

❀ વિકલ્પથી અંદર વિચારમાં એ લે કે દેહ તો માટી છે ને પુણ્ય–પાપના ભાવ તો વિકાર છે, હું તો જ્ઞાયક છું. પછી ઊંડાણથી એનો નિર્ણય કર. ગમે તેમ કરીને એ માર્ગે જા.

❀ જેણે આત્મામાંથી રાગ-દ્વેષનો નાશ કર્યો, અલ્પજ્ઞતાનો નાશ કર્યો અને વીતરાગ સર્વજ્ઞપણું પ્રગટ કર્યું છે તેવા પરમાત્મા જેવો જ હું છું. મારી અને પરમાત્માની જાતમાં કાંઈ ફેર નથી. ભગવાન સર્વજ્ઞે જે દશાને પ્રાપ્ત કરી છે તેવી દશાને ધરનારો શક્તિવાન હું પોતે જ જિનેન્દ્ર છું.

❀ ખરેખર તો પુદ્‌ગલ-પરિણામનું જ્ઞાન નથી પણ જે પ્રકારના પરિણામ છે તે પ્રકારનું તે સંબંધીનું પોતાનું જ્ઞાન છે, તેને કર્તાપણે જીવ કરે છે અને તે જ્ઞાન જીવનું કાર્યરૂપ કર્મ છે, પણ રાગના પરિણામનો જીવ કર્તા નથી.

❀ જેમ ત્રિકાળી વસ્તુ એકરૂપ છે તેમ પર્યાયનું રૂપ ક્રમસર છે, જે સમયે જે પર્યાય થવાની તે ક્રમસર થવાની એવું તેનું રૂપ છે.

❀ અંતરની સાક્ષીમાં હું જ્ઞાયક...જ્ઞાયક....છું, રાગાદિ તે હું નહીં—એમ સંસ્કાર નાખે તેને કાર્ય થવાનું જ છે.

❀ શુભાશુભ પરિણામ તેના સ્વકાળે જે થવા યોગ્ય છે તે જ થાય છે. નહોતો થવાનો ને એને કરે કે થવાનો હતો ને ફેરવે એ દૃષ્ટિ જ ખોટી છે. રાગ એના સ્વકાળે કાળક્રમમાં થવા યોગ્ય જ થાય છે—એ દૃષ્ટિમાં જ જ્ઞાયકનો અનંતો પુરુષાર્થ છે.

❀ એને વિશ્વાસ આવી જવો જોઈએ કે હું તો તરવાને પંથે જ જઈ રહ્યો છું, મારે એકાદ ભવ છે. જેમાં ભવ નથી એની દૃષ્ટિમાં ભવ હોય જ નહિ.

*

## Shri Subhash Sheth's lecture tour on Jainism in USA

## Schedule 2001

| S.No. | Day | Date | City | Contact |
|---|---|---|---|---|
| 1 | Wed-Sun | May 09-13 | Lansdale, PA<br>Airport : Philadelphia | Pravin Shah<br>215-362-5598 |
| 2 | Mon-Thurs | May 14-17 | Kingston, PA | Jyotsana V. Shah<br>570-287-7457 |
| 3 | Fri-Sun | May 18-20 | New York, NY | " |
| 4 | Mon-Thurs | May 21-24 | Grand Rapid, MI<br>Airport : Grand Rapid (GRR) | Nitin Bhimani<br>616-698-2440 |
| 5 | Fri-Fri | May 25<br>June 01 | Phoenix, AZ | Dr. Kirit Gosalia<br>602-863-1073 |
| 6 | Sat-Thurs | June 02-07 | Tampa, FL | Smita Shah<br>727-376-7989 |

Coordinator :

**Hasmukh M. Shah**

8721 Scrimshaw Drive, New Port Richey, Florida 34653. USA.

Telephone : 727-376-7290. Fax : 727-843-8157

*

[તા. ૮-૪-૨૦૦૧]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

જામનગરનિવાસી વકીલશ્રી વીરજીભાઈ તારાચંદ વારિઆ (હાૅ સુરેન્દ્રનગરવાસી શ્રી મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ વારિઆ-પરિવાર) દ્વારા આયોજિત પ્રશમરત્ન પૂજ્ય બહિનશ્રી ચમ્પાબેનકી સાનન્દોલ્લાસ સમ્પન્ન

## ૬૯વીં સમ્યક્ત્વ-જયન્તી

સ્વાનુભવમુદ્રિત-અધ્યાત્મસાધનાતીર્થકે પ્રણેતા પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીકે દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મ-ઉપદેશકો અપની અન્ત:પરિણતિમેં આત્મસાત્ કર જિન્હોંને ૧૮ વર્ષકી છોટી ઉમ્રમેં, અપને શુદ્ધાત્માભિમુખ પ્રબલ પુરુષાર્થસે સ્વાનુભૂતિસમન્વિત નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રાપ્ત કિયા ઔર અપને લોકોત્તર જાતિસ્મરણ-જ્ઞાનવૈભવસે, પરમપૂજ્ય શ્રી સીમંધરભગવાનકી દિવ્યધ્વનિમેં સુની હુઈ, પૂજ્ય ગુરુદેવશ્રીકી ધાતકીખણ્ડ-વિદેહક્ષેત્રકે 'ભાવિતીર્થંકરદ્રવ્ય'રૂપ અસાધારણ મહિમાકો પ્રકાશિત કરકે મુમુક્ષુજગત પર મહાન ઉપકાર કિયા હૈ ઉન ધન્યાવતાર ભગવતી પૂજ્ય બહિનશ્રી ચમ્પાબેનકી યહ ૬૯વીં 'સમ્યક્ત્વ-જયન્તી' (ચૈત્ર કૃષ્ણા ૧૦) તા ૧૫-૩-૨૦૦૧ સે તા ૧૯-૩-૨૦૦૧—પાંચ દિન તક અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમેં જામનગર નિવાસી વકીલ શ્રી વીરજીભાઈ તારાચન્દ વારિઆ (હાૅ સુરેન્દ્રનગરવાસી શ્રી મહેન્દ્રભાઈ સુન્દરજીભાઈ વારિઆ-પરિવાર) કી ઓરસે, હમારે ગહરે આદર્શ આત્માર્થી, કુન્દકુન્દ-સરસ્વતીસપૂત, પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જેૅ શાહકી આશિષવર્ષિણી સમુપસ્થિતિમેં, અતિ હર્ષોલ્લાસ સહ મનાઈ ગઈ. ઈસ પાવન અવસર પર નાઈરોબી (કેન્યા), લન્દન, એવં ભારતકે અન્ય પ્રદેશોંસે, સમ્યક્ત્વમહિમાકા ભક્તિભીના લાભ લેનેકે લિયે, આયે હુએ ૫૦૦ સે અધિક મુમુક્ષુ ભાઈ-બહિનોંકી ઉપસ્થિતિ રહી. ઉપકારમૂર્તિ પૂજ્ય બહિનશ્રીકી માનોં મંગલ ઉપસ્થિતિ હોં—ઈસ પ્રકાર અતિ આનન્દોલ્લાસ સહ યહ વિશાલ ઉપસ્થિતિ ઉસ પવિત્ર આત્માકે પ્રતિ અપની વિશિષ્ટ શ્રદ્ધાભક્તિ પ્રસિદ્ધ કરતી થી.

ઈસ સમ્યક્ત્વજયન્તીકે મંગલ અવસર પર પ્રતિદિન ક્રમશ: પ્રાત: પૂજ્ય બહિનશ્રીકી ઑડીયો-ટેપ દ્વારા દેવગુરુભક્તિ એવં સ્વાનુભવરસભીની ધર્મચર્ચા, દેવદર્શનપૂજા, પરમાગમમન્દિરમેં 'ચૌસઠૠદ્ધિ મણ્ડલ વિધાનપૂજા' (સમ્યક્ત્વજયન્તી-મહોત્સવકે આયોજક શ્રી મહેન્દ્રભાઈ વારિઆ-પરિવારને ચૌસઠૠદ્ધિ-મણ્ડલકા માંડના એક્રોલિકકે વિશાલ એવ ભવ્ય ચમ્પાપુષ્પકે ઉપર વિભિન્ન ૠદ્ધિયોંકે પ્રતીકકા સંસ્થાપન કરકે અતિ મનોજ્ઞ એવં દર્શનીય બનાયા થા.) પરમાગમ શ્રી નિયમસારકે શુદ્ધોપયોગ અધિકાર પર પૂજ્ય ગુરુદેવશ્રીકા ટેપ-પ્રવચન, આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ

જેઠ શાહકે ગુરુભક્તિભીને નેતૃત્વમેં બહિનશ્રીકી સાધનામહિમાભરી ભક્તિ; અપરાહ્ન સમાગત વિદ્વાનોં દ્વારા 'બહિનશ્રીકે વચનામૃત' પર શાસ્ત્રપ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, જિનમન્દિરમેં સમૂહ જિનેન્દ્રભક્તિ; સાયં પૂજ્ય ગુરુદેવશ્રીકા 'યોગસાર' પર ટેપ-પ્રવચન ઔર તત્પશ્ચાત્ વિડિયો–યાત્રા દ્વારા ગુરુદર્શન એવં પૂજ્ય બહિનશ્રીકી વિડિયો–ધર્મચર્ચા.—યહ ક્રમ સુચારુ ચલતા થા. ઇસ મંગલ મહોત્સવકે પુનિત અવસર પર સાંજી (–સાયં ભક્તિ) ક્રમશઃ શ્રી હસમુખભાઈ કાન્તિલાલ ગાંધી, શ્રી મહેન્દ્રભાઈ વારિઆ એવં શ્રી ધીરુભાઈ ભાઈલાલ ડેલીવાલા દ્વારા અપને–અપને ઘર પર રખી ગઈ થી. તા. ૧૮-૩-૨૦૦૧ કે દિન પ્રાતઃ ટેપ-પ્રવચનકે પશ્ચાત્ પૂજ્ય ગુરુદેવશ્રીકે ૧૧૨વેં મંગલ જન્મોત્સવકી નિમંત્રણપત્રિકાકી લેખન એવં પ્રેષણકી શુભ વિધિ આનન્દોલ્લાસ સહ સમ્પન્ન હુઈ થી. ઉસી દિન પૂજ્ય ગુરુદેવશ્રીકે ટેપ-પ્રવચનકે પશ્ચાત્ રાત્રિમેં 'કૌન બનેગા આત્માર્થી' યહ રોચક કાર્યક્રમ સમ્પન્ન હુઆ થા. તત્ત્વજ્ઞાનપ્રધાન યહ કાર્યક્રમ સરાહનીય થા. સમ્યક્ત્વજયન્તીકે મંગલ દિન પ્રાતઃ પૂજ્ય ગુરુદેવશ્રી એવં પૂજ્ય બહિનશ્રીકા વિડિયો–માંગલિક તથા બહિનશ્રીકા વિડિયો–ધર્મોદ્બોધન તથા રાત્રિમેં યાત્રાવિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીકે દર્શન તથા પૂજ્ય બહિનશ્રીકી વિડિયો–ધર્મચર્ચા રખેં ગયે થે. ઇસ મંગલ અવસર પર શાસ્ત્રપ્રવચન સર્વશ્રી બ્ર૦ વ્રજલાલભાઈ શાહ, હિમ્મતભાઈ ડગલી, સુભાષભાઈ શેઠ, નિરંજનભાઈ ડેલીવાલે (સુરત) એવં બ્ર૦ ચન્દુભાઈ ઝોબાલિયા દ્વારા દિયે ગયે થે. શિક્ષણવર્ગમેં બ્ર૦ શ્રી ચન્દુભાઈ ઝોબાલિયા દ્વારા પ્રવચનસાર ગાથા ૮૦, ૮૧, ૮૨ પર શિક્ષણ દિયા ગયા થા.

## સ્વામિવાત્સલ્ય

ઈસ મંગલ અવસર પર સમ્યક્ત્વજયન્તી-આયોજક વકીલ શ્રી વીરજીભાઈ તારાચન્દ વારિઆ (હ૦ શ્રી મહેન્દ્રભાઈ સુન્દરજીભાઈ વારિઆ–પરિવાર) કી ઓરસે પાંચો દિનકા સુબહકા સ્વામિવાત્સલ્ય રખા ગયા થા. તા. ૧૮કે દિન સુબહકા 'સ્વામીવાત્સલ્ય' (–જીમન), પૂજ્ય ગુરુદેવશ્રીકી ૧૧૨વીં જન્મજયન્તી મનાનેવાલે મુલુણ્ડ (મુમ્બઇ) નિવાસી શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ-પરિવાર, હ૦ શ્રીમતી લીલમબેન ધીરજલાલ શાહકી ઓરસે, નિમંત્રણપત્રિકાકી લેખનવિધિકે હર્ષોલ્લાસમેં રખા ગયા થા.

સમ્યક્ત્વજયન્તીકે અવસર પર સંસ્થાકો નિમ્ન પ્રકારસે આય હુઈ થી—

| | |
|---|---|
| સમ્યક્ત્વજયન્તીકે પ્રતીક ૬૯કે આંકમેં ૬૯×૮૮૯ | ૬૧૩૪૧-૦૦ |
| પ્રાસંગિક મણ્ડલવિધાનપૂજા– | ૧૦૦૧-૦૦ |
| આરતીમેં– | ૭૦૧૭-૫૦ |
| અન્ય વિભિન્ન શુભ ખાતેમેં– | ૧૬૬૦૦૦-૦૦ |
| પ્રાતઃ ગુરુ–દર્શન– | ૨૫૫૫-૦૦ |
| પૂજ્ય બહિનશ્રીકે નિવાસસ્થાન પર ચિત્રપટ સમક્ષ આઈ હુઈ રકમ | ૫૧૦૦-૦૦ |
| | ૨૮૮૯૧૫-૫૦ |

મહોત્સવકા સારા ખર્ચ આયોજક શ્રી મહેન્દ્રભાઈ સુન્દરજીભાઈ વારિઆ-પરિવારકી ઓરસે દિયા ગયા થા.

સમ્યક્ત્વજયન્તીકે શુભાવસર પર સ્થાયી મણ્ડલવિધાનપૂજા ચોવીસ મહાનુભાવોંકી ઓરસે તથા પ્રાસંગિક મણ્ડલવિધાનપૂજા એક મહાનુભાવકી ઓરસે રખી ગઈ થી.

—ઈસ પ્રકાર વિભિન્ન રોચક આયોજન દ્વારા પાવની ૬૯વીં સમ્યક્ત્વજયન્તી, પૂજ્ય ગુરુદેવશ્રી એવં પૂજ્ય બહિનશ્રીકે અનુપમ ઉપકારોંકો મુમુક્ષુહૃદયમેં આન્દોલિત કરતી હુઈ, સમાપનકો સમ્પ્રાપ્ત હુઈ.

★ સુવર્ણપુરીકે ૬૩ ફૂટ ઉન્નત 'શ્રી સીમંધરજિન-માનસ્તંભ'કી ૪૯વીં પ્રતિષ્ઠાતિથિ ચૈત્ર શુક્લા ૧૦ મંગલવાર, તા. ૩-૪-૨૦૦૧ કે દિન પૂજાભક્તિકે વિશેષ આયોજનપૂર્વક મનાઈ ગઈ થી.

## મહાવીર-જન્મકલ્યાણક એવં કહાનગુરુ-સમ્પ્રદાયપરિવર્તન

શાસનનાયક ભગવાન શ્રી મહાવીરસ્વામીકા વાર્ષિક જન્મકલ્યાણકદિન એવં પૂજ્ય ગુરુદેવશ્રીકા સમ્પ્રદાયપરિવર્તનદિન ચૈત્ર શુક્લા ૧૩, શુક્રવાર, તા ૬-૪-૨૦૦૧કે રોજ થા. યહ નૈમિત્તિક પર્વ 'શ્રી મહાવીર-કુન્દકુન્દ દિ૦ જૈન પરમાગમમન્દિર' મેં પૂજાભક્તિકે વિશેષ સમારોહપૂર્વક એવં 'સ્ટાર ઑફ ઈન્ડિયા' પરિવર્તનસ્થલમેં પૂજ્ય ગુરુદેવશ્રીકે ટેપપ્રવચન એવં ભક્તિ સહ મનાયા ગયા થા.

## ગ્રીષ્મકાલીન ધાર્મિક શિક્ષણવર્ગ

તા. ૬-૪-૨૦૦૧ સે તા. ૨૫-૪-૨૦૦૧ બીસ દિનકે લિયે સોનગઢમેં પુરુષોંકે લિયે ધાર્મિક શિક્ષણવર્ગકા આયોજન કિયા ગયા હૈ. શિક્ષણાર્થી પુરુષોંકે લિયે આવાસ એવં ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રખી ગઈ હૈ.

## જ્ઞાનવૈભવ-ઉદ્ભવદિન

પરમપૂજ્ય ગુરુદેવશ્રીકે પરમભક્ત, પ્રશમમૂર્તિ, સ્વાનુભવવિભૂષિત, પૂજ્ય બહિનશ્રી ચમ્પાબેનકે જાતિસ્મૃતિરૂપ જ્ઞાનવૈભવકે ઉદ્ભવકા વાર્ષિક મંગલ દિન વૈશાખ કૃષ્ણા ૮, રવિવાર, તા ૧૫-૪-૨૦૦૧કે રોજ હૈ. યહ અવસર ભી પૂજાભક્તિકે વિશેષ સમારોહપૂર્વક મનાયા જાયેગા.

વૈશાખ કૃષ્ણા ૧૩, શનિવાર, તા ૨૧-૪-૨૦૦૧કે રોજ સોનગઢકે 'કહાનગુરુ-પ્રભાવનાદર્શન'કા વાર્ષિક ઉદ્ઘાટનદિન હૈ. યહ અવસર ભી ધ્વજારોહણ એવં ભક્તિકે વિશેષ આયોજનપૂર્વક સમ્પન્ન હોગા.

## પરમોપકારી પૂજ્ય બહિનશ્રી ચમ્પાબેનકી
## ગ્યારહવીં સાંવત્સરિક સમાધિતિથિ પર સોનગઢમેં આયોજિત તીન દિવસીય
## ધાર્મિક કાર્યક્રમ

પરમ-તારણહાર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીકે અધ્યાત્મ-ઉપદેશસે આત્મદર્શન કરનેવાલીં ઉપકારમૂર્તિ પ્રશમહૃદયી પૂજ્ય બહિનશ્રી ચમ્પાબેનકી પવિત્ર સમાધિકા ગ્યારહવાં સાંવત્સરિક દિન આગામી જ્યેષ્ઠ કૃષ્ણા ૩, ગુરુવાર, તા. ૧૦-૫-૨૦૦૧ કે રોજ હૈ. પરમોપકારી પૂજ્ય બહિનશ્રીકે દુઃખદ વિરહકી ઇસ વાર્ષિક સમાધિતિથિકે નિમિત્ત તા. ૮-૫-૨૦૦૧, મંગલવારસે તા. ૧૦-૫-૨૦૦૧, ગુરુવાર તક તીન દિનકા ધાર્મિક કાર્યક્રમ—પંચપરમેષ્ઠીમણ્ડલ-વિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીકે જ્ઞાનવૈરાગ્યપોષક અધ્યાત્મ-ટેપપ્રવચન તથા પૂજ્ય બહિનશ્રીકી વિડિયો-ધર્મચર્ચા દ્વારા જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિકી ઉપાસના, દેવગુરુભક્તિ ઇત્યાદિ વિવિધ કાર્યક્રમ—રખા ગયા હૈ.

અધ્યાત્મ-જ્ઞાનવૈરાગ્ય એવં ભક્તિકે પોષક ઇસ 'ધાર્મિક કાર્યક્રમ'કા લાભ લેનેકે લિયે, સમસ્ત મુમુક્ષુ સમાજકો, શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમન્દિર ટ્રસ્ટ, સોનગઢકી ઓરસે સુવર્ણપુરી પધારનેકા હાર્દિક નિમંત્રણ હૈ. સૂચના :—આવાસ એવં ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રખી ગઈ હૈ.

*

## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી


| | | |
|---|---|---|
| પ્રકાશક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| મુદ્રક | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |
| સંપાદક | : | નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ |
| તંત્રી | : | હીરાલાલ ભીખાલાલ શાહ |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પંદરમી તારીખ |

વ્યવસ્થાપક :—

તા. ૧૫-૪-૨૦૦૧

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (કાનજીસ્વામીનું)–૩૬૪૨૫૦

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં

**મુલુન્ડ (મુંબઈ)નિવાસી શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ-પરિવાર**
**(હા૦ શ્રીમતી લીલમબેન ધીરજલાલ શાહ) દ્વારા ઉજવાનારો**

# ૧૧૨મો કહાનગુરુ-જન્મોત્સવ

અતિ હર્ષોલ્લાસ સહ જણાવવાનું કે—આપણા પરમ-તારણહાર અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૧૨મો વાર્ષિક મંગલ પંચાહ્નિક જન્મોત્સવ (વૈશાખ સુદ ૨) પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં, આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહની ગુરુભક્તિભીની મંગલ ઉપસ્થિતિમાં, મુલુન્ડ(મુંબઈ)નિવાસી શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ—પરિવાર (હા૦ શ્રીમતી લીલમબેન ધીરજલાલ શાહ) દ્વારા અત્યાનન્દોલ્લાસ સહ ઉજવવામાં આવશે. આ ગુરુજન્મોત્સવનું મંગલ આયોજન, વિ. સં. ૨૦૫૭, વૈશાખ વદ ૧૩, શનિવાર, તા. ૨૧-૪-૨૦૦૧ થી વૈશાખ સુદ ૨, બુધવાર, તા. ૨૫-૪-૨૦૦૧—પાંચ દિવસ સુધી—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભવરસપૂર્ણ અનુપમ ટેપપ્રવચન તેમ જ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો-ધર્મચર્ચા દ્વારા અધ્યાત્મજ્ઞાનોપાસના, સમાગત ગુરુભક્ત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચનનો, તા. ૬-૪-૨૦૦૧ થી તા. ૨૫-૪-૨૦૦૧—૨૦ દિવસ ચાલનારો ધાર્મિક શિક્ષણવર્ગ ઈત્યાદિ—અનેકવિધ રોચક કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

આ મંગલમય ગુરુ-જન્મોત્સવનો અનુપમ લાભ લેવા માટે સોનગઢ પધારવાનું ગુરુભક્ત મુમુક્ષુ સમાજને અમારા (ઉપરોક્ત પરિવાર) તરફથી હાર્દિક નિમંત્રણ છે. સમાગત મહેમાનોને માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

*પ્રેષક—ધીરજલાલ નરોત્તમદાસ શાહ*

આ મંગલ મહોત્સવની સ્વર્ણ-રજતરંગી અતિ મનોજ્ઞ નિમંત્રણપત્રિકાની લેખન તથા પ્રેષણવિધિ તા. ૧૮-૩-૨૦૦૧ના શુભ દિવસે અતિ આનંદોત્સાહ સહ સમ્પન્ન થઈ હતી. સમ્યક્ત્વ-જયંતીનો અવસર હોવાથી અનેક ગામોથી, વિશેષતઃ મુલુન્ડ તેમજ બોટાદના મુમુક્ષુઓએ આ લેખન અવસરનો લાભ લીધો હતો.

******

શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ-મલાડ દ્વારા આયોજિત

શ્રી ઋષભદેવ ભગવાન દિગંબર જિનમંદિરમાં પ્રતિષ્ઠેય નવાં જિનબિંબોનો

# શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ

(તા. ૩૦-૪-૨૦૦૧ થી તા. ૭-૫-૨૦૦૧)

આનંદોલ્લાસ સહ નિવેદન કે—આપણા ભવોદધિતારણહાર, પરમોપકારી, જિનેન્દ્રમહિમા-પ્રભાવક, પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા વિશિષ્ટોપકારી, ધન્યાવતાર, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકારના સુપ્રતાપે મુંબઈનગરીના અમારા મલાડ ઉપનગરે શ્રી ઋષભદેવ ભગવાન દિગંબર જિનમંદિરના ઉપરના ભાગમાં નિર્મિત શ્રી પંચમેરુ-નંદીશ્વરની વિસ્તૃતિકૃત ભવ્ય રચનામાં જિનબિંબોની પુનઃ વેદીપ્રતિષ્ઠાનો, ધાતકીખંડ-વિદેહક્ષેત્રના તથા જંબુ-ભરતના ભાવી ભગવંતો (૨૫''ના સંગેમરમર)નાં, વિધિનાયક શ્રી શાંતિનાથ ભગવાન (૯''ના પંચધાતુ)ના તથા શ્રી ચંદ્રપ્રભ ભગવાન (૯''ના પંચધાતુ)ના વીતરાગ ભાવવાહી જિનબિંબોની પંચકલ્યાણકપુરઃસર મંગલ પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૭, વૈશાખ સુદ ૭, સોમવાર, તા. ૩૦-૪-૨૦૦૧ થી વૈશાખ સુદ ૧૫, સોમવાર, તા. ૭-૫-૨૦૦૧ સુધી 'શ્રી જિનબિંબ-પ્રતિષ્ઠા અષ્ટાહ્નિક-મહોત્સવ'રૂપે જિનેન્દ્રભક્તિસહ ઉજવવાનું નિશ્ચિત કરવામાં આવ્યું છે.

બાહ્યમાં શ્રી જિનેન્દ્રદેવની તેમ જ અન્તરમાં નિજ શુદ્ધ જ્ઞાયકદેવની અનુપમ મહિમા જગવિદિત કરનારા આપણા પરમ-તારણહાર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તેમજ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સુવિશુદ્ધ ધર્મપ્રતાપે તથા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જેઠાલાલ શાહની મંગલમયી શુભાશીષથી સુસમ્પન્ન થનારા આ મંગલ મહોત્સવમાં પધારવાનું અમારા મુમુક્ષુમંડળ તરફથી મુમુક્ષુ સમાજને સાદર તેમ જ સહૃદય નિમંત્રણ છે.

(વિધિનાયક શ્રી શાંતિનાથના માતા-પિતા બનવાનું સૌભાગ્ય શ્રી ભોગીલાલ લાલચંદ શેઠ તેમ જ તદ્ધર્મપત્ની શ્રીમતી કંચનબેનને પ્રાપ્ત થયું છે.)

પ્રતિષ્ઠામહોત્સવની મહત્વપૂર્ણ—ઇન્દ્રોં, અહમિન્દ્રોં તેમ જ કુબેર ઇત્યાદિની—બોલી પ્રતિષ્ઠોત્સવના પહેલા દિવસે (વૈશાખ સુદ ૭, સોમવાર, તા. ૩૦-૪-૨૦૦૧ના દિવસે) તથા પ્રતિષ્ઠામંડપમાં વિધિ-અધ્યક્ષ શ્રી જિનબિંબ બિરાજમાન કરવાની, ધર્મધ્વજારોહણ તેમ જ પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજાના ઇન્દ્રોંની બોલી તા. ૨૯-૪-૨૦૦૧, રવિવારના દિવસે બોલવામાં આવશે.)

નિમંત્રક—

શ્રી પ્રતિષ્ઠામહોત્સવસમિતિ
અધ્યક્ષ—ચીમનલાલ ઠાકરશી મોદી

શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ
મલાડ
અધ્યક્ષ—નગીનદાસ હિંમતલાલ ડગલી

# મંગળકારી યોજના

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પૂજ્ય ભગવતી માતા ચંપા બહેનના ભક્ત શ્રી શાંતિલાલ રતિલાલા શાહ–પરિવાર દ્વારા આયોજીત, પૂજ્ય ગુરુદેવશ્રીના સી. ડી. પ્રવચનો તથા કોમ્પ્યુટર ભેટ–યોજના વડે, દેશભરમાં તેમજ વિદેશમાં પણ તત્ત્વજાગૃતિના અતિ ઉત્સાહજનક પરિણામો જોવા મળી રહ્યા છે.

તત્ત્વજાગૃતિના ઉત્સાહજનક પરિણામોથી પ્રભાવિત થઈને શ્રી સૂરજબેન અમુલખભાઈ શેઠ સ્મૃતિ ટ્રસ્ટ–મુંબઈ દ્વારા એક યોજના પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૭મી જન્મજયંતીના મંગલ અવસરે, કાયમી ધોરણે જાહેર કરવામાં આવી હતી.

ઉપરોક્ત યોજના–અંતર્ગત, પૂજ્ય ગુરુદેવશ્રીના જે પ્રવચનો સી. ડી.માં ઉતારવામાં આવેલ છે તેની નવી જ માસ્ટર ઓડિયો–કેસેટ તૈયાર કરીને તેના ઉપરથી પ્રવચનોની તૈયાર ઓડીયો કેસેટ રૂા. ૧૦-૦૦ લેખે આપવામાં આવે છે. આ યોજના દરેક મુમુક્ષુ મંડળો ઉપરાંત વ્યક્તિગતરૂપે દરેક મુમુક્ષુઓ માટે પણ કાયમી ધોરણે રાખવામાં આવેલ છે.

શરૂઆતમાં માત્ર શ્રી સમયસાર શાસ્ત્ર ઉપરના પ્રવચનોની ઓડીયો તૈયાર થઈ શકી હતી. હવે નીચે દર્શાવેલ બધા શાસ્ત્રો ઉપરના પ્રવચનોની ઓડિયો કેસેટ મળી શકશે.

આ યોજનાનો લાભ લેવા ઇચ્છતા મુમુક્ષુમંડળોએ તેમજ વ્યક્તિગત મુમુક્ષુઓએ અગાઉથી ઓર્ડર નોંધાવવાનો રહેશે અને તે ઓડિયો કેસેટ તૈયાર થયેથી તેની ડિલીવરી સોનગઢથી મેળવી લેવાની રહેશે.

| ક્રમ | શાસ્ત્રનું નામ | કુલ પ્રવચન | હિન્દીમાં |
|---|---|---|---|
| ૧. | શ્રી સમયસાર | ૫૩૫ | ૨૬૬ |
| ૨. | શ્રી સમયસાર ગાથા ૩૨૦ ઉપર શ્રી જયસેનાચાર્યકૃત ટીકા ઉપર | ૧૨ | ૧૨ |
| ૩. | શ્રી સમયસાર ગાથા ૩૦૮-૩૧૧ (ક્રમબદ્ધપર્યાય) ઉપર | ૮ | ૮ |
| ૪. | શ્રી પ્રવચનસાર | ૨૭૪ | ૯૦ |
| ૫. | શ્રી નિયમસાર | ૨૧૪ | ૬૨ |
| ૬ | શ્રી બહેનશ્રીનાં વચનામૃત | ૧૮૧ | ૭૨ |
| ૭. | શ્રી સમયસાર કળશટીકા | ૨૯૬ | ૧૨૨ |
| ૮. | શ્રી પરમાત્મપ્રકાશ | ૨૧૬ | ૬૨ |
| ૯. | શ્રી સમયસાર નાટક | ૨૦૦ | ૫૩ |
| ૧૦. | શ્રી છઢાળા | ૫૦ | ૨૦ |
| ૧૧. | શ્રી ઇષ્ટોપદેશ | ૫૫ | ૨૩ |
| ૧૨ | શ્રી યોગસાર | ૪૫ | ૧૧ |
| ૧૩ | શ્રી પુરુષાર્થ સિદ્ધિઉપાય | ૬૫ | -- |
| ૧૪ | શ્રી સમાધિતંત્ર | ૪૫ | -- |
| ૧૫ | શ્રી વિષાપહાર સ્તોત્ર | ૭ | -- |
| ૧૬ | શ્રી પદ્મનંદિ પંચવિંશતિ શ્રાવકાચાર, દેશવ્રતોદ્યોતન, આલોચના અધિકાર | ૧૩ | -- |
| ૧૭ | જુદા જુદા શાસ્ત્રોની વિશિષ્ટ ગાથાઓ ઉપરના પ્રવચનો (PS3) | ૮૦ | ૩૪ |

ઓર્ડર નોંધાવવાનું તથા કેસેટ–પ્રાપ્તિનું એડ્રેસ :—

**શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, કેસેટ વિભાગ,**

સોનગઢ (કાનજીસ્વામીનું)–પીન : ૩૬૪૨૫૦

જિલ્લો–ભાવનગર

# ગુરુ-વાણીના શ્રવણનું પરમ સૌભાગ્ય

* જગતમાં તીર્થંકર ભગવાન સર્વોત્તમ વિભૂતિ છે. આપણને તો આ ભવિષ્યના તીર્થંકર ભગવાન મળી ગયા; વર્તમાન ભગવાનની જેમ જ તેમની વાણીના શ્રવણનું સૌભાગ્ય મળ્યું. ગુરુદેવે વર્ષો સુધી વાણી વરસાવી. આ ભરતક્ષેત્રમાં દિવ્યધ્વનિની જેમ જ ગુરુદેવની ધ્વનિ ગાજતી હતી. તેના શ્રવણ જેવું બીજું સૌભાગ્ય ક્યું?

* ગુરુદેવનું દ્રવ્ય જ અલૌકિક હતું, તેમની વાણી પણ અલૌકિક હતી કે અંદર આત્માની રુચિ જગાડે. તેમની વાણીનાં ઊંડાણ ને રણકાર કંઈક જુદા જ હતાં. વાણી સાંભળતા અપૂર્વતા લાગે ને 'જડ ચૈતન્ય જુદાં છે' તેવો ભાસ થઈ જાય છે એવી વાણી હતી. 'અરે જીવો! તમે દેહમાં બિરાજમાન ભગવાન આત્મા છો કે જે અનંત ગુણોનો મહાસાગર છે, મન, વચન, કાયથી જુદો છે અને વિભાવથી પણ પેલે પાર છે. તે પ્રત્યક્ષ અનુભવગોચર ભગવાનને તમે અનુભવો; તમને પરમાનંદ થશે.'—આવી ગુરુદેવની અનુભવયુક્ત જોરદાર વાણી શ્રોતાઓને આશ્ચર્ય ચકિત કરતી. ઘણી પ્રબળ વાણી! સંસારના ઝેર ઉતારી નાખે; વિષય–કષાયને પાતળા કરી નાખે; પાપનો રસ તો નીતરી જ જાય, પરંતુ પુણ્યનો રસ ન રહે; શુદ્ધ પરિણતિની અને શુદ્ધ જ્ઞાયક આત્માની લગની લગાડે એવી મંગળમય વાણી ગુરુદેવની હતી.

* શાસ્ત્રોમાં ભરેલાં ગહન ભાવો ખોલવાની ગુરુદેવમાં અજબ શક્તિ હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતા ગંભીર ભાવો સાંભળતા ઘણી વાર એમ થતું કે 'આ તે શું શ્રુતસાગર ઊછળ્યો છે? આવા ગંભીરભાવો ક્યાંથી નીકળે છે!' ગુરુદેવના જેવી વાણી ક્યાય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા?—જાણે કે સાંભળ્યા જ કરીએ. તેમના જેવું, આત્માને સ્પર્શીને નીકળતું એક વાક્ય પણ કોઈ બોલી શકતું નથી. અનુભવરસથી રસબરતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતાં :—પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભૂકા ઉડાડી દે એવી દૈવી વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઊતરીને જીવંત રહી.

—*પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી*

## 卐 એમ નક્કી કર !....એમ નક્કી કર ! 卐

વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો કરોડો દેવોની હાજરીમાં એમ ફરમાવતા હતા કે "તું પરમાત્મા છો એમ નક્કી કર! તું પરમાત્મા છો એમ નક્કી કર! ઓહોહો!! ભગવાન! પણ તમે પરમાત્મા છો એટલું તો નક્કી કરવા દ્યો!—કે એ પરમાત્મા અમે છીએ એ નક્કી ક્યારે થશે?—કે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે પછી આ પરમાત્મા છે એવો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચય નક્કી થયા વિના વ્યવહારનું નક્કી થશે નહિ.

—*પુરુષાર્થપ્રેરણામૂર્તિ સમ્યગ્જ્ઞાનવૈભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવ*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદ : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o Vshahco@Yahoo.com
Fax : C/o (0278) 411196